સુવિચાર
વાંચન જેટલું બીજું કોઈ સસ્તુ મનોરંજન નથી અને એના જેટલો કોઈ મોંઘો આનંદ નથી.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૯/૦૨/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ મહા સુદ-૧૨ વર્ષ : ૧૬ અંક : ૦૫૦

હરિૐ PENDAWALA
દર રવિવારે
શુદ્ધ શિંગતેલમાં બનાવેલુ
રજવાડી ઊંધિયું મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

પથરી પ્રોસ્ટેટ કીડનીના દર્દીઓ માટે
નિઃશુલ્ક નિદાન કેમ્પ
તારીખ : 13-02-2025,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
નોંધઃ નામ નોંધાવવુ ફરજીયાત છે.
કીડની પ્રોસ્ટેટ પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

## ૨૭ વર્ષનાં ભારે સંઘર્ષ બાદ ભાજપને વિધાનસભા ચૂંટણીમાં મળી સફળતા

# દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનો ભગવો લહેરાયો

દેશનાં રાજકારણમાં ૧૨ વર્ષથી ચર્ચાનું કેન્દ્ર બનેલ દિલ્હીનાં મુખ્યમંત્રી કેજરીવાલનો પણ થયો પરાજય

શીલા દિક્ષિત જેવા મુખ્યમંત્રીને પરાજિત કરનારને પૂર્વ મુખ્યમંત્રીનાં પુત્રએ પરાજીત કર્યા

દેશના પાટનગરમાં ભાજપને મળેલ ઐતિહાસિક વિજયનાં વધામણા અમરેલી જિલ્લામાં કરવામાં આવ્યા

બાબરા, બગસરા, સાવરકુંડલા, કુંકાવાવ, ધારી, ચલાલા સહિતનાં વિસ્તારોમાં ભાજપીઓ દ્વારા આતશબાજી કરાઈ



અમરેલી, તા. ૮
દેશનાં પાટનગર દિલ્હીની વિધાનસભામાં ૨૭ વર્ષ બાદ ભાજપનો ઐતિહાસિક વિજય થતાં અમરેલી જિલ્લાનાં ભાજપીઓમાં ઉત્સાહનાં ઘોડાપુર જોવા મળ્યા હતા અને વિજયનાં વધામણા આતશબાજી અને એકબીજાનાં મોં મીઠા કરાવીને કરાવવામાં આવ્યા હતા.

**ધારી**
દિલ્હી વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટીનો ભવ્ય વિજય થતા ધારી તાલુકા ભાજપ પરિવાર દ્વારા ધારી તાલુકા પંચાયત ચોક ખાતે ફટાકડા ફોડી જીતની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ધારી તાલુકા ભાજપ પરિવારના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**કુંકાવાવ**
કુંકાવાવ તાલુકા ભાજપ દ્વારા દિલ્હીમાં ભાજપની ભવ્ય જીત થતાં ઉજવણીનો કાર્યક્રમ બસ સ્ટેન્ડ ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં

**અનુસંધાન પાના ૬ ઉપર**

### ફુડ વિભાગમાં કર્મચારીઓની તંગીનાં કારણે કોઈ તપાસ થતી નથી

# અમરેલી જિલ્લામાં મિનરલ વોટરનાં નામે આરોગ્ય માટે નુકસાનકારક પાણીનું ખુલ્લેઆમ વેચાણ

### આઈએસઆઈ માર્કા વગર ખુલ્લેઆમ વેચાણ થતુ હોવાની ફરિયાદ

અમરેલી, તા. ૮
અમરેલી જિલ્લામાં વહીવટી તંત્રની નિષ્ક્રિયતાના કારણે જન આરોગ્ય ઉપર ગંભીર થતો ઉભો થયો છે. પાણીનાં નામે અનેક લેભાગુઓ જન આરોગ્ય સાથે ચેડા કરતા હોવાની ફરિયાદ ઉભી થઈ છે.
હાલમાં લગ્નગાળાની સિઝન પુર બહારમાં ખીલી છે મિનરલ વોટર પાણીનો ધંધો ફુલ્યો ફાલ્યો છે મોટા ભાગે પાર્ટી પ્લોટ, વાડીઓમાં મિનરલ વોટર પસંદ કરવામાં આવે છે અમરેલી સહિત ગ્રામ્ય પંથક વિસ્તારોમાં મિનરલ ૧ વોટર પાણીના

**અનુસંધાન પાના ૬ ઉપર**

### મકાન માલીક લગ્નમાં ગયા હોય

# લ્યો બોલો : અમરેલીનાં શેડુભારમાં રહેણાંક મકાનમાં ધોળે દિ'એ તસ્કરો ઘુસ્યા

### રૂપિયા ૨.૧૬ લાખનાં મુદ્દામાલની ઉઠાંતરી

અમરેલી, તા. ૮
અમરેલી તાલુકાના શેડુભાર ગામે રહેતા દિલીપભાઈ દેવચંદભાઈ નાકરાણી નામના ૪૦ વર્ષિય ખેડુત ગત તા. ૩ના રોજ પોતાના રહેણાંક મકાને તાળા મારી પોતાના કાકાના દિકરાના લગ્નમાં ગોખલણા ગામે ગયેલ હોય.

**અનુસંધાન પાના ૬ ઉપર**

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
75,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૮/૦૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૯૨૪ ૩૧૩૬૬

ભુતપૂર્વ વિદ્યાર્થી સંમેલનને...
હાર્દિક શુભેચ્છાઓ...
અમરેલીની નામાંકિત ફોરવર્ડ સ્કૂલ ટ્રસ્ટ - અમરેલી
સંચાલિત કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલના ભુતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન તા.૦૯-૦૨-૨૦૨૫, રવિવારનાં અમદાવાદ મુકામે આજરોજ આનંદ ઉત્સાહ અને જુના સંસ્મરણો વાગોળવા મળી રહ્યું છે, ત્યારે ફોરવર્ડ સ્કૂલ ટ્રસ્ટ નિમંત્રણ અને ભાવસભર આ સંમેલનને શુભેચ્છાઓ પાઠવી રહ્યું છે.
: શુભેચ્છક :
ફોરવર્ડ સ્કૂલ ટ્રસ્ટ
શ્રી રમેશભાઈ વિઠ્ઠલાણી | શ્રી હિરેનભાઈ વિઠ્ઠલાણી
શ્રી પૂર્વીબેન સાકરીયા | શ્રી મનિષભાઈ સિધ્ધપુરા
શ્રી રોહિતભાઈ મહેતા | શ્રી ગીરીશભાઈ અટારા

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો,જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ | ચિંતા - ટેન્શન
મરવાના વિચાર આવવા | માથાનો દુખાવો
વિચારવાયુ | જાતિય રોગો
વહેમ, શંકા | વ્યસનમુકિત :
મંદબુધ્ધિ બાળકોની સારવાર | દારૂ,બીડી, તમાકુ, ફાકા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

આમ આદમીનું અખબાર
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૫
અમરેલી એક્સપ્રેસ
સચોટ - સટીક - સાતત્ય સભર દૈનિક
લાવી રહ્યું છે આપના માટે લવાજમ યોજના

લવાજમ ભરવા માટે અમારા સ્થાનિક એજન્ટનો સંપર્ક કરો
કોટડાપીઠા : ભરતભાઈ મહેતા - ૯૪૨૯૧ ૩૯૮૫૬
બાબરા : રાજુભાઈ બસીયા - ૯૯૨૫૪ ૬૬૪૪૪
પંકજભાઈ ઈન્દ્રોડીયા - ૯૪૦૮૧ ૫૮૯૦૧
ચિતલ : જસવંતગઢ
ભરતભાઈ અમરેલીયા - ૭૯૮૪૭ ૩૫૩૧૫
દામનગર : નટુભાઈ ભાતીયા - ૯૪૨૯૧ ૩૯૪૨૨
લીલીયા મોટા : બીપીનભાઈ રવાણી - ૯૪૨૭૪ ૨૭૨૧૭
વીજપડી : પ્રફુલભાઈ નગદીયા - ૯૯૦૪૮ ૦૨૪૦૭
આંબરડી (સા.કું.) : સુભાષભાઈ સોલંકી - ૮૫૧૧૪ ૬૦૪૦૦
રાજુલા : યોગેશભાઈ કાનાબાર - ૯૦૬૭૫ ૭૪૭૩૭
જાફરાબાદ : ભરતભાઈ બારૈયા - ૮૧૫૩૦ ૯૨૬૧૬
કોવાયા : સુમરાભાઈ વાઘ - ૯૯૯૮૭ ૨૩૯૯૯
ઉના : ધર્મેશ જેઠવા - ૯૭૧૨૦૧૦૦૫૮
કુંકાવાવ : રાજુભાઈ યાદવ - ૯૯૭૮૧ ૩૪૪૩૪
મોટા આંકડીયા : મનોજભાઈ ત્રિવેદી - ૯૯૭૯૨ ૧૦૭૨૭
બગસરા : સમીર વિરાણી - ૯૯૭૮૧ ૩૩૧૩૪
બાબાપુર : હસમુખભાઈ રાવળ - ૯૯૭૮૫ ૧૫૨૧૪
ધારી : નિઝારભાઈ ચાવડા - ૯૭૨૬૫ ૯૨૮૭૬
ચલાલા : પ્રકાશભાઈ કારીયા - ૯૯૨૫૩ ૩૦૯૭૯
ખાંભા : ભાવિકભાઈ કલસરીયા - ૯૫૮૬૮ ૩૮૪૦૯

લવાજમની મુદ્દત
તા.૦૧–૦૧–૨૦૨૫ થી
તા.૩૧–૧૨–૨૦૨૫

લવાજમ ભરો
₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ
અમરેલી એક્સપ્રેસ...

એજન્ટો તથા ગ્રાહકોએ લવાજમ યોજનાની
રકમ ભરપાઈ કરીને પાકી પહોંચ મેળવવાની રહેશે.

અમરેલી શહેરમાં લવાજમ ભરવા માટે
ઓમ ન્યુઝ એજન્સી
સુધરાઈ શોપીંગ સેન્ટર, ક્રિષ્ના ટ્રાવેલ્સની ગલીમાં, ડો. જીવરાજ મહેતા ચોક, અમરેલી.
સુમીત ચંદારાણા – મો. નં. ૮૭૩૫૦ ૧૨૮૨૭

www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩


### પિતાએ ના પાડતા આરોપીઓ ઉશ્કેરાયા

# ખાંભાનાં સમઢીયાળા–૨ ગામનાં પ્રૌઢે દિકરીની સગાઈ કરવાની ના પાડતા હુમલો

## બે ઈસમોએ પાઈપ વડે આડેધડ માર માર્યો

અમરેલી, તા. ૮

ખાંભા તાલુકાના સમઢીયાળા–૨ ગામે પ્લોટ વિસ્તારમાં કાતરપરા રોડ ઉપર રહેતા ગભરૂભાઈ જીવાભાઈ વણજરની દિકરી લક્ષ્મીબેનની સગાઈ ગીરગઢડા તાલુકાના જસાધાર ગામે રહેતા ઉનડભાઈ ભોળાભાઈ વાઘના ભાઈની સાથે કરવાની હોય. જે સગાઈની ગભરૂભાઈએ ના પાડતા ઉનડભાઈને સારૂ નહિ લાગતા ગભરૂભાઈ મોટર સાયકલ નં. જીજે–૧૪એએન–૪૯૩૯ વાળુ લઈને પેટ્રોલ પુરાવા આવતા આરોપી ઉનડભાઈ તથા રાજુલા તાલુકાના હિંડોરણા ગામે રહેતા જીકારભાઈ કાળુભાઈ વાવડીયાએ અગાઉથી હિંડોરણા બ્રીઝ પાસે છુપાઈને ઉભેલ હોય અને ગભરૂભાઈને મારવાનુ કાવતરૂ રચીને આરોપી મોટર સાયકલ લઈને પેટ્રોલપંપ ખાતે આવીને ગભરૂભાઈની સાથે રહેલ રામભાઈ નગાજણભાઈ વાઘને ગાળો આપી અને વચ્ચે પડીશ તો પતાવી દઈશ તેમ જાનથી મારી નાખવાની ધમકી આપી આડેધડ પાઈપના આશરે ૨૫થી ૩૦ ઘા મારી ડાબા પગની ઢાંકણીના ભાગે તથા જમણા પગના ગોઠણના ભાગે તથા જમણા હાથના પંજાના ભાગે ફેકચર કરી તથા જમણા પગના ગોઠણના ભાગે ટાંકાની ઈજા કરી તથા શરીર ઉપર છાતીમાં તથા પેટમા ગંભીર ઈજાઓ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### સમાજનાં અનેક શ્રેષ્ઠીઓ ભૂતકાળ વાગોળશે

# અમરેલીની ફોરવર્ડ હાઈસ્કુલનાં ભુતપુર્વ વિદ્યાર્થીઓનું આજે અમદાવાદ ખાતે સ્નેહમિલન

## વર્ષો જુનાં વિદ્યાર્થીઓ ભૂતકાળ વાગોળશે

અમરેલી, તા. ૮

અમરેલીની નામાંકિત ફોરવર્ડ સ્કૂલ ટ્રસ્ટ અમરેલી સંચાલિત કમાણી ફોરવર્ડ હાઈસ્કુલના ભૂતપૂર્વ વિદ્યાર્થીનું સંમેલન તા. ૯/૨/૨૫ને રવિવારે અમદાવાદ મુકામે આનંદ ઉત્સાહ અને જૂના સંસ્મરણો વાગોળવા મળી રહ્યું છે. ફોરવર્ડ સ્કુલ ટ્રસ્ટ નિમંત્રણ અને ભાવ બદલ આ સંમેલનને શુભેચ્છા પાઠવી રહ્યું છે.

સંમેલનથી વર્ષોથી વિખુટા મિત્રો ફરી ભેગા થશે. જૂની યાદો તાજી થશે. આનંદની વાતો થશે.

ગુજરાતની તમામ શાળાના વિદ્યાર્થીઓએ આવી રીતે ભુતપુર્વ વિદ્યાર્થીઓનું સંમેલન થવું જોઈએ. અને માતૃ સંસ્થાને નમન–વંદન કરવા જોઈએ. આજે ભુતપુર્વ વિદ્યાર્થી જે કાંઈ હોદો, સંપતિ, વિદ્યા, મોભો પ્રાપ્ત કરેલ છે. તેમાં કયાંકને કયાંક જયાં અભ્યાસ કરીને વિદ્યા મેળવેલ છે. તેની દેન છે એટલે કે મેળવેલી વિદ્યાને લીધે છે.

ફોરવર્ડ સ્કુલ ટ્રસ્ટ હરહંમેશ સ્કૂલની પ્રગતિ ઈચ્છતું હોય છે.

૪૦ વર્ષ બાદ ભુતપુર્વ વિદ્યાર્થીઓ માતુ સંસ્થાને યાદ કરીને સ્કુલમાં સાથે ભણતા ભુતપુર્વ વિદ્યાર્થીઓનાં સંમેલન ઉપસ્થિત થવા ફોરવર્ડ સ્કુલ ટ્રસ્ટનાં ટ્રસ્ટી રમેશભાઈ વિઠલાણી, હિરેનભાઈ વિઠલાણી, પૂર્વીબેન સાકરીયાએ અનુરોધ કરેલ છે.

# બાઢડા ખાતે સગર જ્ઞાતિ સમાજના ૧૭માં સમૂહલગ્ન યોજાયા





સાવરકુંડલા, તા. ૮

સાવરકુંડલાના બાઢડા ગામે ગઈ કાલે તારીખ ૭/૨/૨૫ને શુક્રવારના રોજ સમસ્ત સગર જ્ઞાતિ યુવક મંડળ મુંબઈ તથા બાઢડા અને સાવરકુંડલાના સંપૂર્ણ સહયોગથી સગર જ્ઞાતિ સમાજના ૧૭મો સમુહ લગ્ન મહોત્સવ ધામધૂમપૂર્વક યોજાઈ ગયો આ સમૂહલગ્ન સમારોહમાં અઠયાવિશ નવદંપતિઓએ પ્રભૂતામાં પગલા પાડી સાંસારિક જીવન ની શરૂઆત કરી હતી આયોજકોના આમંત્રણને માન આપી નવપરણિત દંપતીઓને બાલાગામથી મહંત ભગવાનજીભગત, સૂરતથી જયસુખબાપુ, બાઢડા રોકડિયા આશ્રમથી માતાજી વસંતદીદી અને કબીર આશ્રમથી નરભેરામબાપુએ હાજર રહી નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યાં હતાં જયારે રાજસ્વી મહાનુભાવોમાં પુર્વ ધારાસભ્ય કાળુભાઈ વિરાણી, પુર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત, નગર પાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતીકભાઈ નાકરાણી, શહેર ભાજપ પુર્વ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ સહિત શહેરના વિવિધ સમાજના અગ્રણીઓએ હાજર રહી નવદંપતીઓને શુભેચ્છા આપી હતી જયારે ધારાસભ્ય મહેશભાઈ કસવાળા બહારગામ હોવાથી પોતાના પ્રતિનિધિ જીવનભાઈ વેકરિયા મારફત પોતાનો શુભેચ્છા સંદેશો પાઠવ્યો હતો સમૂહ લગ્નમાં જોડાનાર નવદંપતિઓને જ્ઞાતિ સમાજના દાતાઓના સહકારથી કરિયાવર અર્પણ કરવામાં આવ્યો હતો જયારે સામાજીક સેવાનાં ભાગરૂપે સમૂહલગ્ન સમારોહમાં રકતદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતુ જેમા સગર જ્ઞાતિ સમાજના યુવાનો દ્વારા રકતદાન કરવામાં આવ્યું હતુ સમુહલગ્ન સમારોહમાં સાથ સહકાર આપનાર તમામ દાતાઓ અને કાર્યકર્તાઓનો સમુહ લગ્ન સમિતિ વતી આયોજકો વલ્લભભાઈ નાથાભાઈ કળથીયા, હરિભાઈ ટપુભાઈ કોદાવલા અને બાબુભાઈ દેવરાજભાઈ રાઠોડે આભાર વ્યકત કર્યો હતો.

### ગીરગઢડાનાં ધોકડવા ગામની

# મહિલા અને અન્ય લોકોને કારમાં બેસાડીને ૧૫ ગ્રામ સોનાની ચેઈન છીનવી લીધી

## સાવરકુંડલા નજીક બનેલ ઘટનાની ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૮

ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામે રહેતા મંગુબેન સાજણભાઈ ગુજજર નામના ૫૫ વર્ષિય મહિલા તથા અન્ય લોકોને ગત તા. ૬ના રોજ બપોરના ૨ઃ૩૦ વાગ્યાના અરસામાં કોઈ અજાણ્યા આરોપી ફોરવ્હીલ કારના ચાલક તથા તેની સાથેના અજાણ્યા બે પુરૂષ તથા એક સ્ત્રીએ તેમની ફોરવ્હીલમાં બેસાડી બદઈરાદે મહિલાની જાણ બહાર સાવરકુંડલા–ખાંભા ટી પોઈન્ટથી બાઢડા જતા રસ્તે તેણીએ ગળામાં પહેરેલ આશરે દોઢ તોલા વજનની સોનાની ચેઈન કિંમત રૂપિયા ૭૦,૦૦૦ની ચાલાકીથી અચાનક તેમના ગળામાથી છીનવી (સ્નેચીંગ) કરી લઈ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### ધો. ૬ થી ૧૨ સુધીના તમામ સુવિધાઓ નિઃશુલ્ક

# અમરેલીમાં જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કુલ ઓફ એકસેલેન્સ અંતર્ગત રજીસ્ટ્રેશન શરૂ

## વિદ્યાસભા કેમ્પમાં ૫૬૦થી વધુ વિદ્યાર્થીઓ લાભ લે છે

અમરેલી, તા. ૮

ગુજરાત સરકાર દ્વારા શિક્ષણના ક્ષેત્રે એક મહત્વાકાંક્ષી પગલું ભરવામાં આવ્યું છે. જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફએક્સેલેન્સ (GSRSE) યોજના અંતર્ગત ધોરણ ૬ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે રહેવા, જમવા, અભ્યાસ, યુનિફોર્મ, સ્ટેશનરી જેવી તમામ સુવિધાઓ સંપૂર્ણપણે નિઃશુલ્ક આપવામાં આવે છે.

આ યોજનાનો હેતુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ અને શ્રેષ્ઠ શૈક્ષણિક માળખું ઉપલબ્ધ કરાવવાનો છે. આ યોજના અંતર્ગત પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓએ ધોરણ ૧ થી ૫ સુધી સરકારી, ગ્રાન્ટેડ કે RTI અંતર્ગત શાળામાં અભ્યાસ કર્યો હોવો જોઈએ અને તેમને CET પરીક્ષા દ્વારા મેરીટના આધારે પસંદગી આપવામાં આવશે.

રજીસ્ટ્રેશન અને પરીક્ષાની મહત્વપૂર્ણ તારીખો :

– રજીસ્ટ્રેશનની તારીખઃ ૭ ફેબ્રુઆરી ૨૦૨૫ થી ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫
– પરીક્ષાની તારીખઃ ૨૨ માર્ચ ૨૦૨૫ (શનિવાર)
– પરીક્ષા ફીઃ સંપૂર્ણપણે નિઃશુલ્ક

અમરેલીમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ, લાઠી રોડ ખાતે આ યોજના કાર્યરત છે, જયાં હાલ ૫૬૦થી વધુ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે. આ સ્કૂલમાં ઉચ્ચ ગુણવત્તા વાળી શિક્ષણ વ્યવસ્થા, આધુનિક ડિજિટલ ઈન્ફાસ્ટ્રક્ચર, નિવાસી છાત્રાલય, રમતગમત, કલા–કૌશલ્ય તાલીમ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની તૈયારી સહિત અનેક સુવિધાઓ આપવામાં આવે છે.

શિક્ષણવિદોના મતે, આ યોજના ખાસ કરીને જરૂરિયાતમંદ અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે સંજયન બિંદુ સાબિત થશે, જેનાથી તેઓ શ્રેષ્ઠ શિક્ષણ મેળવી ઉચ્ચ કારકિર્દી બનાવી શકશે.

વધુ માહિતી માટે શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસની રૂબરૂ મુલાકાત લઈ શકાય છે.

# અમરેલી ખાતે સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા "હમ હોંગે કામયાબ" અંતર્ગત સેમિનાર યોજાયો







સુરક્ષા સેતુ સોસાયટી અમરેલી જીલ્લા દ્વારા "હમ હોંગે કામયાબ" થીમ અંતર્ગત અમરેલી જીલ્લાની સરકારી તથા ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાનો ડર ભગાવી, મનોબળ મજબુત કરવા તથા પરીક્ષાની પુર્વતૈયારી માટે શું કરવુ જોઈએ ? તે અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા મોટીવેશનલ સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. આજના સમયમાં વિદ્યાર્થીઓ ખુબજ સ્ટ્રેસમાં રહેતા હોય છે તેમજ ભારવાળા ભણતરમાં વિદ્યાર્થીઓ પરીક્ષા સમયે ડર, ગભરાટ અનુભવતા હોય છે અને પોતાની માનસીક સ્થિતિ અસ્થીર થવાથી પરીક્ષા સમયે પોતાની ક્ષમતા મુજબ પરીણામ લાવી શકતા નથી. આથી વિદ્યાર્થીઓને પરીક્ષાની પુર્વતૈયારી માટે શું કરવુ જોઈએ તે અંગે જીલ્લાની સરકારી શાળાઓ તેમજ ખાનગી શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે સુરક્ષા સેતુ સોસાયટી અમરેલી જીલ્લા દ્વારા અમરેલી જીલ્લા પોલીસ તાલીમ ભવન–અમરેલી પોલીસ હેડ કવાર્ટર ખાતે "હમ હોંગે કામયાબ" થીમ ઉપર મોટીવેશનલ સ્પીકર અર્જુનભાઈ દવેએ પોતાની આગવી શૈલીમાં વિદ્યાર્થીઓને મોટીવેશન સાથેસાથે મનોબળ પુરૂ પાડવામાં આવેલ અને મોટીવેશન સેમીનારનુ આયોજન કરવામાં આવેલ. સુરક્ષા સેતુ સોસાયટી અમરેલી જીલ્લા અંતર્ગત હમ હોંગે કામયાબ કાર્યક્રમ અમરેલી જીલ્લા પોલીસ અધીક્ષક સંજય ખરાતનાઓની સુચના મુજબ નાયબ પોલીસ અધીક્ષક મુખ્ય મથક અમરેલી એ.જી. ગોહીલના માર્ગદર્શન મુજબ અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર ડી.કે. વાઘેલાનાઓએ મોટીવેશનલ સ્પીકર તથા સ્ટેજ, બેનર, માઈક, લાઉડ સ્પીકર તથા વિદ્યાર્થીઓના રીફ્રેશમેન્ટ માટે પાણી, શરબત, નાસ્તાની વ્યવસ્થા તથા મહીલા પોલીસ ઈન્સ્પેકટર જે.આર. સરવૈયાનાઓએ સેમીનાર ફોટોગ્રાફી, વિડીયોગ્રાફી, મિડીયા બોલાવવા અંગેની વ્યવસ્થા તથા પોલીસ હેડ કવા. પોલીસ ઈન્સ્પેકટર એસ.એચ. ખમલનાઓએ વિદ્યાર્થીઓની બેઠક તથા દેખરેખ માટે પોલીસ કર્મચારીઓની ફાળવણીની વ્યવસ્થા તથા અમરેલી જીલ્લા ટ્રાફીક શાખા પો.સ.ઈ. વી.વી. ગોહીલનાઓએ સેમીનારમાં આવનાર વિદ્યાર્થીઓ માટે પાર્કિંગ વ્યવસ્થા તથા સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા સ્ટુડેન્ટ પોલીસ કેડેટ કાર્યક્રમ અંતર્ગત કામ કરતા પોલીસ કર્મચારીઓ તથા શિક્ષકોએ વ્યવસ્થા જાળવી મોટીવેશનલ સેમીનારનું આયોજન સફળ બનાવ્યુ હતુ.

## કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, સાંસદ પૂનમબેન માડમ, માયાભાઈ આહીર સહિતનાં આગેવાનોની ઉપસ્થિતિમાં

# અમરેલીમાં આહીર સમાજ દ્વારા જાજરમાન સમૂહ લગ્નોત્સવ યોજાયો

**૧૭ નવદંપતિઓએ સામાજિક આગેવાનોનાં આશીર્વાદ સાથે પ્રભુતામાં પગલા માંડયા**

**સમાજનાં દરેક આગેવાનોને પોતાના સંતાનોને સમૂહલગ્નમાં જોડવાનો આગ્રહ કરતાં કેબિનેટ મંત્રી**

**આહીર સમાજે દીકરીઓને સંયુકત પરિવારને જાળવી રાખવાના આપેલ સંસ્કાર અમૂલ્ય ભેટ : માયાભાઈ**

**કાર્યક્રમને સફળ બનાવવા જીતુભાઈ ડેર, કમલેશ ગરણીયા, વનરાજભાઈ કોઠીવાલ સહિતે ભારે જહેમત ઉઠાવી**



અમરેલી, તા. ૮

સમગ્ર દેશમાં શિક્ષણનો વ્યાપ વધતા હાલ દરેક સમાજ સમયની સાથે તાલ મિલાવીને દેખાદેખી રૂપી થતા લગ્નો પાછળના ખર્ચ ઘટાડીને સમૂહ લગ્નોમાં સમાજ સુધારણા રૂપી નવતર પહેલ કરતા જોવા મળી રહ્યા છે. અમરેલી જિલ્લા આહીર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા અમરેલીના ફોરવર્ડ સ્કૂલના ગ્રાઉન્ડ ખાતે ભવ્ય જાજરમાન સમૂહલગ્નોત્સવનું આયોજન ઈષ્ટદેવ શ્રી દ્વારકાધીશના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યુ હતુ. આ સમૂહ લગ્નોત્સવમાં ૧૭ નવયુગલોએ પ્રભુતામાં પગલા પાડયા હતા. જાજરમાન સમૂહલગ્નોત્સવમાં આહિર સમાજે સાધુ સમાજની એક દીકરીને સાથે લગ્નોત્સવમાં જોડીને આશરા ધર્મને સાર્થક કરી સમાજસેવાનુ ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડયું હતુ. તો સમુહલગ્ન સ્થળ પર જ વિશાળ સંખ્યામાં આહીર સમાજના યુવાનો હાજર હોય ત્યારે મહા રકતદાન કેમ્પ યોજી રકતદાન મહાદાનના સંદેશા સાથે દર્દીનારાયણની સેવાને પણ મહત્વ અપાયું હતુ. આ ભવ્ય સમુહ લગ્નોત્સવરૂપી સમાજ સુધારણાના યજ્ઞમાં જોડાયેલી તમામ દીકરીઓને સમાજના ઉદારદીલ દાતાઓના સહયોગથી ૨૭૨ જેટલી જીવનજરૂરીટકાઉ ચીજવસ્તુઓ કર્યાવર ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આયોજકોના નિમંત્રણને માન આપી ખાસ ઉપસ્થિત રહેલા ગુજરાત રાજયના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ સમાજની દીકરીઓને વધુમાં વધુ પ્રમાણમાં સમૂહલગ્નોત્સવમાં જોડાઈને સમાજ સુધારણા રૂપી પહેલને ખુબ આગળ વધારવા અપીલ કરાઈ હતી. ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક એવા અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરિયા દ્વારા પણ આહીર સમાજનો આશરા ધર્મને યાદ કરી આયોજકો અને સમૂહ લગ્નોત્સવમાં જોડાયેલ નવ દંપત્તિઓને બિરદાવ્યા હતા. જામનગર સાંસદ એવા આહીર સમાજના મહિલા અગ્રણી પૂનમબેન માડમ દ્વારા અમરેલી જિલ્લા આહીર સમાજના દરેક સમૂહલગ્નોત્સવમાં હાજરી આપીને પોતાના વકતવ્યમાં વર્તમાન સમયની તાતી જરૂરિયાત રૂપી આ સમાજ સુધારણાના સેવાયજ્ઞને અવિરત તાલુકા લેવલ સુધી લઈ જવા અને સમાજના આગેવાનો પોતાના સંતાનોને પણ સમૂહલગ્ન ોત્સવમાં ખાસ જોડવા અપીલ કરાઈ હતી. આ તકે લોકસાહિત્યકાર માયાભાઈ આહિર દ્વારા વર્તમાન સમયની મોટી સમસ્યાએ તૂટતા સંયુકત પરિવારો છે તે આહીર સમાજમાં અપાયેલા પારિવારિક સંસ્કારો જીવંત હોવાથી હજુ નહિવત જોવા મળી રહ્યું છે. ત્યારે તેને જાળવી રાખવા અપીલ કરાઈ હતી. આ સાથે આ કાર્યક્રમમાં લોકસાહિત્યકાર માયાભાઈ આહીર, ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, અમરીશભાઈ ડેર, ઓમશાંતિના શ્રી ગીતાદીદી સહિતના અનેક મહાનુભાવોએ સમાજ સુધારણા રૂપી આ ભગીરથ કાર્ય ને આવકારી નવ દંપતિઓને આશીર્વાદ પાઠવ્યા હતા. આ સમૂહ લગ્નોત્સવમાં આહીર સમાજના આ સમાજ સેવા રૂપી યજ્ઞમાં દાન આપનાર દાતાઓ, રાજસ્વી પદાધિકારીઓ અને સ્વયં સેવકોને મોમેન્ટો, શાલ અને ભાગવત ગીતાજી આપી સન્માનિત કરાયા હતા. અમરેલી જિલ્લા આહીર ચેરિટેબલ ટ્રસ્ટના નેજા નીચે યોજાયેલ આ સમૂહલગ્નોત્સવમાં અમરેલી જિલ્લા આહીર સમાજના પ્રમુખ જીતુભાઈ ડેર અને ઉપ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળના માર્ગદર્શન નીચે અમરેલી જિલ્લા યુવા આહીર સમાજના પ્રમુખ કમલેશભાઈ ગરણિયાના નેતૃત્વમાં સમગ્ર જિલ્લાના યુવાનો, વડીલો અને દાતાઓના સહયોગથી ભવ્ય અને સફળ આયોજન કરવામા આવ્યું હતુ. જેમા ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, સાંસદસભ્ય પૂનમબેન માડમ, ધારાસભ્ય ભગવાભાઈ બારડ, જે.વી. કાકડિયા, જનકભાઈ તળાવિયા, માયાભાઈ આહીર, અમરીશભાઈ ડેર સહિત આહીર સમાજના રાજકીય, સામાજિક આગેવાનો, ઉદ્યોગપતિઓ, અધિકારીઓ અને સમગ્ર જિલ્લામાંથી આહીર સમાજના લોકો ઉપસ્થિત રહી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સાથે ભવિષ્યમાં આવા વધુને વધુ સમુહલગ્નો થાય અને સમાજનો દરેક પરિવાર આ લગ્નોત્સવમાં જોડાય તેવી ઈચ્છાઓ વ્યકત કરી હતી. સાથે ઉપસ્થિત તમામ આમંત્રિત આગેવાનો અને લોકોએ આયોજકો ના સુંદર આયોજનથી પ્રેરાઈને આયોજકો અને સ્વયંસેવકોની પીઠ થાબડી અભિનંદન આપ્યા હતા.

### ડીજીટલ યુગની સાઈડ ઈફેક્ટ

# ખાંભાના ભાવરડી ગામનાં યુવક સાથે બેન્કનાં અધિકારીનાં નામે છેતરપીંડી

**ક્રેડિટકાર્ડ નંબર અને ઓટીપી મેળવી ૬૮ હજાર ઉપાડી લીધા**

અમરેલી, તા. ૮

ખાંભા તાલુકાના ભાવરડી, વાહાબાપુની વાડીએ રહેતા કિરીટભાઈ નથુભાઈ ભુંકણ નામના ૨૨ વર્ષિય ખેડુતને ગત તા.૩૦/૮/૨૪ના રોજ સવારના નવેક વાગ્યાની આસપાસ કોઈ મો.નં.૯૮૧૮૬ ૦૯૩૪૫ ના ધરાવતા અજાણ્યા વ્યકિતએ એચ.ડી.એફ.સી બેંક અધિકારીની ખોટી ઓળખ આપી યુવકને વિશ્વાસમાં લઈ અને ફોન કરેલ કે તમારે ક્રેડિટ કાર્ડમાં એકસ્ટ્રા ચાર્જ લાગે છે. અને ખોટા ચાર્જ ન લાગે તે માટે હું તમારા ક્રેડિટકાર્ડનો એકસ્ટ્રા ચાર્જ બંધ કરી દઉ છુ. તેમ કહી ક્રેડિટકાર્ડ નંબર તથા ઓ.ટી.પી લઈ યુવકના એચ.ડી.એફ.સી બેંક ધારી બ્રાંચમાં એકાઉન્ટ છે. તેમાંથી યુવકની જાણ બહાર બદદાનતથી જુદી જુદી રકમનાં ટ્રાન્જેક્શન કરી યુવકના ખાતામાંથી કુલ રૂપિયા ૬૮,૦૦૦ ઉપાડી લઈ તથા ખરીદી કરી યુવક સાથે વિશ્વાસઘાત કરી છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪
















કોળી શકિત યુવક મંડળ અમરેલી આયોજીત ૪૦ મા સમુહલગ્ન આગામી તા.૦૨-૦૩-૨૦૨૫
આ લગ્નોત્સવમાં ભાગ લેવા માંગતા ઉમેદવારોએ વહેલી તકે સંપર્ક કરવો લગ્ન ફી કન્યા પક્ષ રૂા.૧૨૫૦૦/- તેમજ વર પક્ષ રૂા.૧૨૫૦૦/- દરેકને કન્યાઓને વિના મૂલ્યે કરીયાવરની ૮૦ વસ્તુઓ મળશે.
સરકારી યોજના સમુહલગ્ન સાતફેરા તેમજ કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત લાભ મળવાપાત્ર રહેશે. તો રજીસ્ટ્રેશન માટે...
સંપર્ક : પ્રમુખશ્રી રમેશભાઈ એસ.ગોહિલ
શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર, ફુટ માર્કેટ, દુ.નં.બી/એફ-૧૩, પહેલો માળ, અમરેલી
મો.નં. ૯૩૭૪૭ ૩૪૮૨૦




## ફિલ્મી સફર

(એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ...૨૨૧ -૧૯૬૩**

**ફીર વો ભૂલી સી યાદ આઈ હૈ.. એ ગમે દિલ.. તેરી દુહાઈ હૈ.... ફીર..ગોવિંદા આલા રે.. આલા.. ઝરા મટકી.. સંભાલ, બ્રિજ બાલા... ગોવિંદા.**

**પ્રિય વાચક મિત્રો ,**

ઋતુ ચક્ર સમય મુજબ ફર્યા જ કરે છે, પેહલા પાનખર હતી, ત્યારે એવું લાગતું હતું કે, હવે આ વૃક્ષ પર કદી વસંત નહીં આવે, પણ વસંત ઋતુની શરૂઆત થતાં, તે વૃદ્ધ થઈ ગયેલ વૃક્ષ પર યુવાનીની કૂંપળો જોવા મળી.. જીવનમાં દરેક મનુષ્યનું આવું જ છે, દરેક મનુષ્યના જીવનમાં પાનખર, આવે છે, જયાં હાથ નાખે ત્યાં નિરાશા અને પરાજય જ મળે છે, પણ સમય બદલાઈ છે, અને ઝીંદગીમાં વસંત આવતા, ફરી જયાં હાથ નાખે ત્યાં થી સોનું એટલે કે ધન, પ્રસિદ્ધિ પ્રાપ્ત થાય છે, ૧૯૬૩ માં શમ્મી કપૂર, અનેબિજિતને પણ આવો અનુભવ થયો, ૧૯૬૨ માં બન્નેએ સફળ સુપર હિટ ફિલ્મો આપી, પણ ૧૯૬૩માં તેઓ સફળ થયા નહીં, પણ આવનાર વર્ષોમાં શમ્મી સુપર સ્ટાર બનશે., પરીવર્તનએ સંસારનો નિયમ છે.

૧૯૬૩માં શમ્મી કપૂરની ફિલ્મોની વાત કરીયે, શમ્મીની ત્રણ ફિલ્મો આવી જેમાં બ્લફ માસ્ટરએ થોડા અંશે સફળ રહી. બાકીની પ્યાર કિયા તો ડરના કયાં, અને શહીદ ભગતસિંગ સફળ રહી નહીં. બ્લફ માસ્ટર – બ્લફ માસ્ટર એટલે ખોટું બોલવામાં માહિર




માણસ, અહી શમ્મીએ વાત વાતમાં ખોટું બોલી દર્શકોને હસાવે છે, સાથે આવા લોકોનો અંઝામ શું આવે છે ? તે પણ અહી નિર્દેશક મનમોહન દેસાઈએ બતાવ્યુ છે. ૧૯૬૦માં છલિયાથી સફલતા મેળવનાર મનમોહન દેસાઈની આ ત્યારબાદની ફિલ્મ છે, તેઓએ હમેશા જે તે સમયના સૌથી સફળ નાયકો સાથે જ કામ કર્યુ છે, ૧૯૬૦ થી ૬૮ના સમયમાં શમ્મી એક સફળ કલાકાર હતા, તેમની લોકપ્રિયતા અગ્રેસર હતી, મનમોહનને સૌથી મોટી સફળતા રાજેશ ખન્ના સાથે ૧૯૭૦માં મળશે. જેની વાત આગળ કરીશું. સુભાષ દેસાઈનું નિર્માણ, મધુસૂદન કાલેકરની કહાની, મનમોહન દેસાઈની સ્ક્રીન પ્લે, રાજેન્દ્ર કૃષ્ણાના સંવાદ, સાથે, રાજેન્દ્ર કૃષ્ણાના ગીતો, અને કલ્યાણ જીઆનંદજીના મધુર સંગીત સાથે શમ્મી કપૂર, સાયરા બાનુ, લલિતા પવાર, મોહન ચોટી, અમોલ સેન, ટૂન ટૂન, રશિદ ખાન, આનંદ જોશી, લક્ષ્મી છાયા, નિરંજન શર્મા, અને પ્રાણથી

અભિનીત આ ફિલ્મ એવેરેજ સફળ રહી હતી, ખાસ જન્માષ્ટમીના તહેવારોમાં ભારતમાં આજે પણ ગુંજતું ગીત, એટલે રફી સાહેબના સ્વર અને લક્ષ્મીકાન્ત પ્યારે લાલ જેઆ આ ફિલ્મમાં સહાયક સંગીતકાર બન્યા છે, અને આ ગીતના સંગીતમાં તેમનો યાદગાર ફાળો છે, તેવું આ ફિલ્મનું ગીત ગોવિંદા આલા રે થી આ ફિલ્મ યાદ કરાય છે.

કહાની ટૂંકમાં જોઈએ તો શમ્મી નાના ગામડેથી મુંબઈ આવે છે, પણ નોકરી મળતી નથી, તે પોતાના ખર્ચ માટે, હમેશા ઝૂઠું બોલે છે, જેમ કે એક દ્રશ્યમાં શમ્મી એક પ્રોવિજન સ્ટોરમાં જઈ બે રૂપિયા તેના બાકી છે, તે લેવા કહે છે, (તે સમયે બે રૂપિયાએ આજના વીસ કે ત્રીસ રૂપિયા કરતાં કદાચ વધુ હશે) દુકાનદાર કહે છે કે તમારા કોઈ રકમ બાકી નથી, પણ શમ્મી તેને બે રૂપિયા આપી દે છે, અને થોડા સમયમાં તેની પાસેથી બાકીમાં ૫૦ રૂપિયાનો માલ લઈ જાય છે, અને તેને મિત્રોમાં વેહચી તે વીસ રૂપિયા

કમાય છે. આવું દરેક જગ્યાએ કરતો શમ્મી ધનવાન યુવતી સાયરાના પ્રેમમાં પડે છે, સાયરાના કાકા એ સાયરાના પિતાની હત્યા કરેલ છે, તે પ્રાણને ખબર છે, પ્રાણ સાયરા સાથે લગ્ન કરી કરોડોની દેલતનો માલિક બનવા માંગે છે, શમ્મી સાયરાનું દિલ જીતવા પોતાને કરોડપતિ બાપનો પુત્ર બતાવે છે, પણ પ્રાણ તેની સચ્ચાઈ સામે લાવે છે, છતા સાયરા શમ્મીને છોડતી નથી, સાયરા અને શમ્મીને પણ ખ્યાલ આવી જાય છે કે સાયરાના પિતાની હત્યા તેના કાકાએ કરાવી છે, બન્ને મળી પ્રાણ અને તેના કાકાનું સત્ય બહાર લાવે છે, પ્રાણના હાથે તેના કાકાની હત્યા થાય છે, અને પ્રાણને પોલીસ હવાલે કરી બન્ને પ્રેમીઓ એક થાય છે. ફિલ્મ સફળ રહી હતી, પણ એવેરેજ સફળ હતી. પ્રાણ

ખલનાયક અને શમ્મી નાયકની જોડી એક ખલનાયક અને નાયકની હિન્દી સિનેમાની પ્રથમ સફળ જોડી કહી શકાય. પ્યાર કિયા તો ડરના કયા – બી એસ રંગાના નિર્દેશન માં, વિક્રમ સ્ટુડિયોના નિર્માણમાં આ ફિલ્મમાં પિતા પુત્ર એટલે કે પૃથ્વી રાજ અને શમ્મી એ સાથે કામ કર્યુ છે, ફિલ્મનું સંગીત રવિનું અને ગીત શકીલ બદયુની ના હતા, આ ફિલ્મમાં પૃથ્વી રાજ કપૂર, શમ્મી કપૂર, બી સરોજા

દેવી, ઓમ પ્રકાશ, હેલેન, આગા, શોભા ખોટે, અને પ્રાણે કામ કર્યુ હતું. એક શ્રીમત બાપના પુત્ર શમ્મી સાધારણ ઘરની યુવતી સરોજા સાથે પ્રણય કરી, તેના પિતા પૃથ્વીની મરજી વિરૂદ્ધ લગ્ન કરે છે. તેઓને ઘર છોડવું પડે છે, અને તેઓ તેના મિત્ર પ્રાણ સાથે રેહવા જાય છે, પ્રાણ જે એક મિત્ર નહીં પણ દુશ્મનનું કામ કરે છે, અને પતિ પત્ની વચ્ચે તકરાર ઊભી કરે છે, પણ સાચા પ્રેમીઓ શમ્મી અને સરોજા તેની સામે વિજય મેળવે છે, શમ્મી પિતાનો સ્નેહ મેળવે છે, એવી કહાની ધરાવતી આ ફિલ્મ સફળના રહી શમ્મી કપૂર, શકિલા, પ્રેમ નાથ, અચલા સચદેવ, ઉલહાસથી અભિનીત અને કેદારનાથ સાઈગલના નિર્માણમાં હૂસન લાલ ભગત રામના સંગીત અને કમર

જલાલા બાદીના ગીત સાથેની શહીદ ભગતસિંગ પણ સફળ ફિલ્મ સાબિત ના થઈ. અહી શમ્મીએ ભગતસિંગ અને પ્રેમનાથે આઝાદની ભૂમિકા નિભાવી હતી. ગત વર્ષની પ્રથમ નંબરની સફળ ફિલ્મના હીરો બિશ્વજિતની ૧૯૬૩માં એક જ ફિલ્મ આવી.

બિન બાદલ બરસાત – જયોતિ સ્વરૂપના નિર્દેશન અને, ઉતમ કુમાર અને એન સી સીપપીના





નિર્માણમાં, વી એન ભુવાની સિનેમા ઓટો ગ્રાફી, શકીલ બદયુનીના ગીતો, અને, હેમંતકુમારના સંગીત માં, બિશ્વજિત, આશા પારેખ, નીશી કોહલી, પદ્મા ચૌહાણ, દેવ કિશન, મેહમુદ, સી એસ દૂબેય, થી અભિનીત આ ફિલ્મમાં પણ રહશ્ય અને પ્રેતની વાત સામેલ કરવામાં આવી હતી, ઠાકુરના પૂર્વજોએ આદિવાસી કન્યા સાથે પ્રણય કર્યા બાદ, તેનો તિરસ્કાર કરતાં, તે કન્યાના શ્રાપથી ઠાકુર પરિવાર પીડા ભોગવી રહ્યા છે, બિશ્વજિતએ ઠાકુરનો વંસજ છે, જે આશા સાથેના પ્રણય બાદ આદિવાસીના જાદુટોનાથી પીડિત છે, અંતે પ્રેમની જીત થાય છે, તેવી કહાનીની આ ફિલ્મ સફળ ના થઈ.

**બેગાના** – સદાશિવ રાવ કવિના નિર્દેશન માં, અને નિર્માણ માં, શૈલેન્દ્રના ગીતો, રફી સાહેબ, લતા જી, આશા જી, મહેન્દ્ર કપૂર, ઉષા મંગેસકરના સ્વરમાં રચાયેલ ગીતો ને, સપન જગમોહને સંગીત આપ્યું હતું. જેનું નામ સપન સેન ગુપ્તા પણ

પ્રચલિત હતું. સપન સેન ગુપ્તા અને જગમોહન બક્ષી એટલે સપન જગમોહન, સપન જગમોહનને સફળતા ફિલ્મ ચેતનાથી મળી, તેમ છતા આ ફિલ્મમાં તેમના સંગીતમાં રફી સાહેબના સ્વરમાં રચિત દર્દ ભર્યુ ગીત રેર સોંગમાં સામેલ છે, જેના શબ્દો છે, ફીર વો ભૂલી સી યાદ આયી હૈ, એ ગમે દિલ તેરી દુહાઈ હૈ... જે આજે પણ લોકપ્રિય ગીત છે. સપન જગમોહનના નિર્દેશનમાં કુલ ચૌદ કે પંદર ફિલ્મોનું જ સંગીત છે, પણ તેઓ મહાન સંગીતકાર આર ડી બર્મન સાથે જોડાયેલા રહ્યા, અને તેમના સહાયકરૂપે લાંબા સમય સુધી કાર્યરત રહ્યા હતા. આ ફિલ્મમાં નાયક ધર્મેન્દ્ર છે, પણ તે સહાયક ભૂમિકા માં છે, જયારે, સૈલેશ કુમારએ આ ફિલ્મના મુખ્ય નાયક છે, આ સૈલેશકુમારનો વધુ પરિચય મારી પાસે નથી, પણ ધર્મેન્દ્રએ તેના સફળ કાળમાં ચરસ ફિલ્મમાં તેમને નાની ભૂમિકા અપાવી હતી, આ ફિલ્મમાં ધર્મેન્દ્ર, સૈલેશ કુમાર, સુપ્રિયા ચૌધરી,

આગા, તરૂણ બોસ, મનોરમાં, અને બાલ કલાકાર બબ્લુએ કામ કર્યુ હતું. સુપ્રિયાએ બંગાળની જાણીતી અભિનેત્રી છે, અને હિન્દી સિનેમામાં આ તેમની પ્રથમ ફિલ્મ છે, તેઓ એ બે લગ્ન કર્યા છે, ૫-૧-૩૩ માં જન્મેલા સુપ્રિયાના પ્રથમ લગ્ન બિશ્વનાથ સાથે થયા હતા, અને તેમના થી છૂટાં પડયા બાદ તેઓ ઉતમ કુમાર સાથે લગ્નથી જોડાયા હતા, તેમને પદ્મશ્રી અને બાંગ્લા વિભૂષણથી સન્માનીત કરાયા હતા, તેઓ ૨૬-૧-૨૦૧૮માં અમર થયા. ફિલ્મની કથા એવી છે કે, સુપ્રિયા, સૈલેશ સાથે પ્રણયથી જોડાયેલા છે, પણ તેમના પિતાને આ સંબંધ મંજૂર નથી, બન્ને પ્રેમીઓ અલગ થઈ જાય છે, પણ સુપ્રિયા આ સંબંધથી માતા બની જાય છે, તે બાળકને સંબંધી આગાને ત્યાં છોડી દેવામાં આવે છે, અને સુપ્રિયાના લગ્ન એક ડોકટર ધર્મેન્દ્ર સાથે કરવામાં આવે છે, પણ સંજોગો પતિ અને પત્નીની વચ્ચે પ્રેમીને લાવી મૂકે છે, સાથે બાળકની જાણ પણ પતિ ધરમને થાય છે, પણ ધરમ પોતાની પત્નીના પ્રેમના લીધે બન્નેને અપનાવી લે છે, અને એક બેગાના બાળકને પોતાનું બનાવે છે. ફિલ્મ માત્ર રફી સાહેબના સ્વરના ગીતથી યાદ કરાય છે, ધર્મેન્દ્રની સફળ સુપર હિટ ફિલ્મની વાત અશોકકુમારની ફિલ્મોમાં કરીશું. આગામી અંકમાં રાજ કુમારની સુપર હિટ ફિલ્મ સાથે મળીશું.

# * પંચકર્મ *



શ્રી ભાવેશ કે. મહેતા

અમરેલી

મારી પાસે જીજ્ઞાસાબેન (દર્દીનું નામ બદલાવેલ છે) ઘણાં લાંબા સમયથી સારવાર લેવા આવે છે, જીજ્ઞાસાબેનની ઉંમર ૪૦ વર્ષ છે, જીજ્ઞાસાબેન સરકારી નોકરી કરે છે, જીજ્ઞાસાબેનને આખા શરીરે ખંજવાળ આવે છે, શરીર ઉપર જીણી – જીણી ફોડલીઓ થયેલી છે, પેટ ભારે – ભારે લાગે છે, શરીરમાં કળ તર થયા કરે, થાક ખુબ લાગે છે, માસીક અનીયમીત આવે છે, વાળ ખરે છે, મોઢા ઉપર કુંડાળા થઈ ગયા છે, ગુસ્સો, ઉત્પાત, ઉદ્વેગ સતત રહે છે, ઉંઘ પણ બરાબર આવતી નથી. મેં જીજ્ઞાસાબેનને અગાઉ વારંવાર સંપુર્ણ પંચકર્મ કરાવવાની સલાહ આપેલ છે.

થોડા દિવસ પહેલા જીજ્ઞાસાબેન મારી પાસે આવ્યા મને મજાકમાં કહે સાહેબ, આખા શરીરની સર્વીસ કરાવવી છે, મે કીધું બેન એટલે શુ કરવુ છે ? મને કે સાહેબ આ વખતે આખું પંચકર્મ કરાવી નાંખવુ છે બોલો કેટલા દિવસ થશે ? મે કિધું ૧૩૦ દિવસ...

તરત જીજ્ઞાસાબેનનું મોઢું પડી ગયુ, મને કહે સાહેબ અમને પંચકર્મ કરાવવા સ્પેશ્યલ અઠવાડીયાની રજા મંજુર કરેલ છે, આટલા બધા દીવસનો મેળ પડે આયુર્વેદ વિષે લોકોની જેટલી જીજ્ઞાસા વધી છે તેટલા પ્રમાણમાં તેના વિશે સમજ ઉભી થઈ નથી. પંચકર્મએ કોઈ ગોદરેજ હેર ડાઈ નથી કે 'બસ કાટા, ધોલાએર લગા ડાલા' સામાન્ય લોકોના મનમાં તો બસ એમ જ છે કે માથે તેલની ધાર રેડે કે આખાય શરીરે જુદી – જુદી મુદ્રાઓમાં તેલની માલીશ કરે એ જ પંચકર્મ! તો મિત્રો જાણી લ્યો કે પંચકર્મનું આ રૂપ તો માત્ર ટાઈટેનીકની હિમશીલાનું શીખર જ છે આજકાલ વ્યાપારી યુગમાં પશ્વિમના દેશોમાં સ્પાના સ્વરૂપમાં પંચકર્મનો દુષ્પ્રચાર વકરતો જાય છે પણ ફાઈવ સ્ટાર હોટેલો અને હેલ્થ રિસોટર્સ જાતે જ 'ફૈબા' બનીને આ પુર્વકર્મ ને જ પંચકર્મનું નામ આપી દીધું છે અને આજકાલ એની ફેશન ઉપડી છે લોકો જેમ 'આંધળાઓ હાથીને વળગે' એમ એને એક આનંદનું નવું માધ્યમગણી 'સ્ટેટસ સિમ્બોલ' તરીકે અપનાવવા લાગ્યા છે. હા હા ભાઈ કરી લ્યોને એમાં કયાં આડ અસર થવાની છે !!! હકીકતમાં તો આ કેન્દ્રોમાં પંચકર્મના નામે જે કાઈ પીરસવાનાં આવે છે તે તો શાસ્ત્રોક્ત પંચકર્મ પહેલા કરવામાં આવતુ પુર્વકર્મ છે. તેના પછી પ્રધાન કર્મ અને પશ્વાત કર્મ તો બાકી જ રહી જાય છે.

પંચકર્મએ આયુર્વેદનાં આઠ અંગ – કાય ચિકિત્સા, બાલ ચિકિત્સા, ગ્રહ ચિકિત્સા, ઉર્ધ્વાંગ ચિકિત્સા (શાલાકય), શલ્યચિકિત્સા, દ્રન્ષ્ટતા ચિકિત્સા, રસાયણ ચિકિત્સા, અને વાજીકરણ ચિકિત્સા પૈકી કાય ચિકિત્સાનો મુખ્ય ભાગ છે. આયુર્વેદ રોગને દાબી દેવામાં માનતો નથી પરંતુ તેનું શમન કરવામાં કે શોધન કરી બહાર કાઢવામાં માને છે રોગને દાબી દેવાથી ફરી – ફરીને વર્ષો સુધી હુમલા થાય છે એક રોગમાંથી અનેક રોગ થાય એવી કામ ચલાઉ સારવાર આયુર્વેદમાં કયાય જોવા મળતી નથી. ભૂખ્યું બાળ ક રડતું હોય તો તેનો ઉપાય તેને ધવરાવવું કે ખવરાવવું એ જ હોઈ શકે નહિ કે મારીને – ધમકાવીને છાનું રાખી દેવું અથવા રડવાનો અવાજ કાનથી દુર કરવા ઘરમાં પુરી દેવું કે મો એ ડૂચો મારવો

આયુર્વેદનાં મતે રોગોનું કારણ જીવાણુંઓ નહિ પરંતુ શરીરના બંધારણ રૂપ ત્રિદોષની જ વિષમતા છે. ચૂલામાં ખુબ જ રાખ ભરાઈ જવાના કારણે તાપ બરાબરના જળવાઈ ત્યારે સતત બળતણ નાખવાથી કે ફૂક માર્યા કરવાથી કાઈ વળતું નથી, પરંતુ બધો જ કચરો બહાર કાઢી નવેસરથી અંગારા મૂકી ને તેને ક્રમશ : ધીમે – ધીમે સળગાવવો પડતો હોય છે. તેવું જ રોગનું છે, શરીરમાં ભરાઈ ગયેલા વિકૃત દોષોને ઓગાળીને પંચકર્મથી બહાર કાઢવામાં આવે છે, પછી ધીમે – ધીમે જઠરાગ્નીનું બળ વધારીને રોગોનું શમન કરવામાં આવે છે.

પંચકર્મ મૂળ સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ થાય છે. પાચ પ્રકારની ચિકિત્સા આ પાચ પ્રકારની જટિલ ચિકિત્સાઓ વ્યક્તિની પ્રકૃતિ, દોષોનું બ, દોષને અસમતુલા, ઉમર, પાચન ક્ષમતા, રોગનું બળ, ઋતુ, દેશ, કાલ, રોગપ્રતિકારક શક્તિ તથા બીજા ઘણા પરિબળો ઉપર આધારિત છે. જયારે શરીરમાં વાત – પિત – કફની અસમતુલા થાય છે ત્યારે તે જઠરાગ્નિને અસર કરે છે અને તેથી પાચન થયા વગર પડયો રહેલો કાચો ઉત્સર્ગ પદાર્થ પેદા થાય છે જેને આયુર્વેદીય પરિભાષામાં આમ કહે છે. મોર્ડન સાયન્સ મુજબ તેને ફ્રી રેડિકલ્સ સાથે સરખાવી શકાય જે અનેક રોગોના કારણરૂપ તથા જેર સ્વરૂપ હોઈ શરીરની બહાર બને તેટલો વહેલો કાઢી નાખવો જરૂરી બની જાય છે.

આયુર્વેદ મુજબ આપણું




શરીર ત્રણ મધ્યમથી ઉત્સર્ગ પદાર્થ અને જેર બહાર કાઢે છે. મો, ગુદા, અને ત્વચાનાં છિદ્રો, વિકૃત થયેલા દોષોને પૂર્વકર્મની મદદથી ઓગાળીને પાચનતંત્રમાં લાવવામાં આવે છે પછી પંચકર્મની મદદથી શરીરમાંથી ગમે તે એક માર્ગે બહાર કાઢવામાં આવે છે. જેનાથી રોગ તો મટે જ છે પરંતુ શરીર અગાઉની માફક સ્ફૂર્તિલું અને નવયુવાન બને છે.

પંચકર્મને થોડી સરળ ભાષામાં સમજીએ, બહેનો જે રીતે કપડા ધોવે છે, સૌ પ્રથમ તો મેલા કપડાને સાબુના પાણીમાં થોડીવાર પ લાળી રાખે છે, જેથી મેલ છુટો પડે (પૂર્વકર્મ), ત્યારબાદ કપડાને વ્યવસ્થિત સાબુ ઘસી, બ્રશથી અને જરૂર પડે ધોકાથી કપડાને ધોવે છે જેથી કપડા એકદમ મેલરહિતને ચોખ્ખા થાય (પ્રધાન કર્મ), પછી કપડાને નીચોવી, તડકામાં સુકવી, સરસ ઈસ્ત્રી કરી એકદમ નવા જેવા કરી દે છે (પશ્વાત કર્મ).

પંચકર્મમાં પણ આમ જ કરવામાં આવે છે જેમાં પૂર્વકર્મમાં શરીરમાં બનેલા કચરાને બહાર કાઢવા માટે એક જગ્યાએ ભેગો કરવામાં આવે છે (પૂર્વકર્મમાં પાચન, સ્નેહન અને સ્વેદન કરવામાં આવે છે), ત્યારબાદ પ્રધાનકર્મમાં કચરાને યોગ્ય માર્ગે શરીરમાંથી બહાર કાઢવામાં આવે છે (વમન, વિરેચન, અનુંવાસન બસ્તિ, આસ્થાપન બસ્તિ અને નસ્ય) અને છેલ્લે જે હેતુથી પંચકર્મ કરવામાં આવ્યું હોય તેને અનુરૂપ પશ્વાતકર્મ (સંસર્જનક્રમ, રસાયનાદી, શમનાદી) કરવામાં આવે છે.

મિત્રો આવતા સપ્તાહે પંચકર્મ (વમન, વિરેચન, આસ્થાપન બસ્તિ, અનુંવાસન બસ્તિ, અને નસ્ય) થોડું વિગતવાર સમજીશું.


**મર્મ બિંદુ :–** H.I.V. નો રોગ આફ્રિકા થી આવ્યો, NIPAH નો મલેશિયા થી, EBOLA નો સુદાન, BIRD FLU નો હોંગકોંગ, DENGUEનો મનીલા અને CORONA ચીન થી, ભારતમાં કુંભમેળા જેવા સતત ઉત્સવો ચાલુ જ હોય છે જયાં કરોડો લોકો ભેગા થાય છે, પુષ્કળ ગંદકી હોય છે છતાં પણ આજ સુધી આવા એકપણ વાયરસનું ઉત્પત્તિ સ્થાન ભારત રહ્યું નથી, કારણ કે આજેપણ આપણે પ્રકૃતિથી વિરૂદ્ધ નથી વર્તતા.

# *દીકરીની માં પણ આવો નિર્ણય લઈ શકે છે, અને લેવો જ જોયે .!*

## વિસામો

વૃંદા ચિંતન મહેતા

રાજુલા



નિશાનાં આજે લગ્ન હતા. તેનો પરિવાર અને તેના મમ્મી શોભા બહેન આજે ખૂબ ખુશ હતા. દીકરી આજે આટલા સારા પરિવારની પુત્ર વધુ બનશે. એક સારા વ્યકિતની પત્ની બનશે. લગ્નની તમામ તૈયારીઓ થઈ ગઈ હતી. દીકરી દુલ્હન બનની તૈયાર હતી. જાન આવી ગઈ હતી. અને ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં વરરાજા માંડવે ચડી ગયા. માંડવામાં આવ્યા બાદ મિત્રો સાથે મળીને ખૂબ ધમાલ કરી. ખૂબ અનાબ – સનાબ બોલ્યા. આરતીની થાળીનો ફિલ્મી ઢબે ઘા કર્યો. એક શરાબી વ્યકિતની જેમ ખૂબ ધાંધલ – ધમાલ કરી. આ બધું જોઈને નિશાનાં મમ્મી ડઘાય ગયા. શોભાબેન તરત જ લગ્ન મંડપમાં જઈને બધા સામે હાથ જોડીને કહ્યું કે "મને માફ કરશો,...! આ લગ્ન હું અહીં જ તોડું છું, આ છોકરો પોતાના જ લગ્ન મંડપમાં દારૂ પીધેલી હાલતમાં આવે છે. અને દારૂ પીધેલી હાલતમાં આટલા tantrums થ્રો કરે છે.. આરતીની થાળનો આમ ફિલ્મી ઢબે છૂટો ઘા કરે છે..! ગોરબાપાને ગંદીગાળો ભાંડે છે, મારે આવા પરિવારમાં મારી દીકરીને નથી પરણાવી..! આ છોકરો અત્યારથી જ આવું ખરાબ વર્તન કરે છે, લગ્ન બાદતો કેવુંય કરશે ? આગળ જતા આ વ્યકિત સાથે મારી દીકરીનું ભવિષ્ય મને સુરક્ષિત નથી લાગતું....! એટલે હુંઆ લગ્ન તોડું છું, આ લગ્ન આજ મંડપમાં ફોક."

–– આ ભારતમાં જ બનેલી સત્ય ઘટના છે. ! હમણાં હું RJ દેવકીની રીલ જોતી હતી. તેમાં તેમણે આ પીધેલી હાલતવાળા વરરાજાની અને એક દીકરી માં તરીકે પેલા બહેનને લીધેલા બોલ્ડ નિર્ણયની વાતમને ખૂબ સ્પર્શી ગઈ. હું તેમના આ નિર્ણયને ખૂબ બિરદાવું છું. હું તેમની વાતનું સોં ટકા સમર્થન કરૂ છું. આજે એક માં એ જે હિમ્મત બતાવી છે, જે નિર્ણય શકિત બતાવી છે, જે decision લીધો છે, તેં actully ભારતની કેટલીયમાં માટે સેમ્પલરૂપ છે.

આ નિર્ણય એક માં તરીકે પોતાની દીકરીનાં ઉજજવળ ભવિષ્ય માટે લેવાયેલો અનિવાર્ય નિર્ણય છે. તેમણે લીધેલો આ નિર્ણય ભારતની હજારોમાં માટે માઈલસ્ટોનરૂપ રહેશે. ઉદાહરણરૂપ રહેશે. આ નિર્ણય હવે બધી જ મમ્મીને હિમ્મત અને હામ પૂરૂ પાડવાનું કામ કરશે. આ નિર્ણય એકમાં તરીકે પોતાના સંતાનોની ખુશી માટે લેવાયેલો સ્ટ્રોંગ નિર્ણય છે. અયોગ્ય વ્યકિત સાથે લગ્ન કરીને આખી જિંદગી દુ : ખી થવા કરતા, બહેતર છે, કે તેં સંબંધને ત્યાં જ મૂકી દેવામાં આવે.

આમ પણ... આપણો ભારતીય સમાજએ પુરૂષપ્રધાન સમાજ છે. અહીં સ્ત્રીઓનાં મંતવ્યો, અભિપ્રાયોને કે તેમના દ્વારા લેવાતા નિર્ણયોને બહુ ધ્યાનમાં લેવામાં આવતા નથી. પરંતુ એકમાં તરીકે આવો સશકત નિર્ણય કરવામાં આવે ત્યારે, આપણા સમાજે આવા નિર્ણયનાં પોખાણાં કરવા જોઈએ. આવા decisionને વધાવો જોઈએ. આપણે આ ઘટનાને (સ્ટ્રોંગ નિર્ણય)ને વધુને વધુ લોકો સુધી પોંહચાડવો જોઈએ. કારણે કે "they get to know કે એક દીકરીની માં પણ આ કરી શકે છે...! અને કરવું જ જોઈએ. એક વાત આપણે ચોક્કસ અને સતત યાદ રાખવાની જરૂર છે કે,' આપણે આપણી દીકરીઓને તેના સુખ માટે પરણાવીયે છીએ...! તેના જીવનપથ પર સુખરૂપ ચાલવા માટે આપણે તેનો હાથ સુપાત્રનાં હાથમાં સોંપી છીએ. તેના જીવનને વધુ ને વધુ કાંડરવા આપણે તેના લગ્ન કરીયે છીએ, નહીં કે તેને આવા વ્યભિચારીપાત્ર સાથે તેને બાંધીને આખું આયખું દુ:ખી થવા માટે.. તેને છોડી દઈએ.'' આ બધી ચર્ચા વચ્ચે એક વર્ગ એવું પણ માને છે કે, માતાઓ જ દીકરીઓને બગાડે છે. દીકરીનાં લગ્ન બાદ પિયરથી મમ્મીઓ દીકરી સાથે કલાકો સુધી વાતો કરતા રહે. અને અનેક સાચી, ખોટી સલાહથી દીકરીઓ ગૃહકલેશ ઉત્પન્ન કરતી હોય છે. પરંતુ આ બધી વાત તો પછીની છે, પણ જો લગ્ન પહેલા આવા દ્રશ્યો જોઈને જો માં દ્વારા આવો કોઈ નિર્ણય ન કરે તો જ વિચારવું રહ્યું..!

અત્યાર સુધી આપણે મમ્મીઓને પોતાની દીકરીઓને સલાહ આપતાં, સાંભળ્યા છીએ કે, બધાંએ થોડુંક તો એડજસ્ટ કરવું જ પડે. લગ્ન કરનાર બન્ને વ્યકિતનાં સ્વભાવ અલગ જ હોવાના પરંતુ તેમાં સમાયોજન સાધવાનું. અપિતુ હવે સમય બદલાયો છે. પેરેન્ટસએ પણ જોવાનું રહ્યું કે, સામેવાળું પાત્ર દીકરી સાથે તાલમેલ સાધે તેવું છે કે નહીં ? જો નાં હોય તો ઝડપથી કોઈ નિર્ણય પર આવીને, કોઈ ઠોસ નિવેડો લાવવો જ રહ્યો.ઘણીવાર આવી પરિસ્થિતિઓમાં સોસાયટીનું પ્રેસર, ઘરની ઈઝઝત – આબરૂનાં ભયથી, કે પછી ફરી દીકરીનાં લગ્નમાં અડચણ આવશે તેવા ખ્યાલથી, આપણે આવા નિર્ણયોં લેતા અચકાતા હોઈએ છીએ. પરંતુ જો આ દીકરીની માં એ પણ સામાજિક દબાણ અને લોકો શું કહેશે ? તેની ચિંતા કરીને વરરાજા વિરૂદ્ધ કોઈ પગલાંનાં ભર્યા હોત તો ? તો તેની દીકરીનું જીવન કોઈ અયોગ્ય વ્યકિત અને પરિવારનાં હાથમાં ચાલ્યું ગયું હોત.. આપણે સમાજના ભયથી પણ ઘણીવાર સંતાનોનું જીવન અંધકાર તરફ ધકેલી દેતા હોઈએ છીએ. બધી માં આવા નિર્ણયનાં કરી, પણ આ માં એ કર્યુ તેં.. ખરેખર સરાહનીય છે. હું ચોક્કસ એવું કહીશ કે દીકરીની માં એ પોતાની દીકરી માટે પસંદ કરેલા પાત્રમાં જો કોઈ આવી કુટેવ દ્રષ્ટિપાત થાય ત્યારે એક મજબૂત કદમ ઉઠાવવું જ જોયે, જે આ બહેન દ્વારા ઉઠાવવામાં આવ્યું.

દીકરીનાં સુખી ભવિષ્ય માટે એક માં એ લીધેલો આ નિર્ણય સમાજની દરેક માતાઓ માટે દાખલારૂપ બની રહ્યું છે. તો આવી મજબૂત મનોબળ વાળી માતાને "દિલ સે.. સલામ..!"

# રામ ઉપાસક જે જગમાહીં, બહિસમ પ્રિય તિનકહ કુછ નાહીં ।

રાજ મિલે, સબ સાજ મિલે, લોક બડાઈ, માન મિલે,
બડે બડે સબ ધામ મિલે, સતસંગત મિલના મુશ્કિલ હૈ.
રિદ્ધિ મિલે એર સિદ્ધિ મિલે, સબ સાધન કા ભીચેંગ મિલે,
ચાંદ, સૂરજ કા તેજ મિલે, સતસંગત મિલના મુશ્કિલ હૈ.
કાશી મિલે, બદ્રીકેશ મિલે, ગંગાસાગર સ્વર્ગ, સ્નાન મિલે,
સૂર્ય કા ભોગ મિલે, સતસંગત મિલના મુશ્કિલ હૈ.
જન્મ મિલે ફિર મરણ પુણ્ય વિના ના સંત મિલે, નાના યોનિ દેહ મિલે,
પુણ્ય વિનાના સંત મિલે, સતસંગત મિલના મુશ્કિલ હૈ.
દેવ મિલે, ગુરૂ દેવ મિલે, સતસંગતમેં જ્ઞાન મિલે,
સતસંગતમેં જ્ઞાન મિલે, મિલે, સતસંગત મિલના મુશ્કિલ હૈ
સતસંગત મિલના મુશિકલ હૈ, સતસંગત મિલના દુર્લભ હૈ,
સંતો કે દરર્શન દુર્લભ હૈ, સતસંગત મિલના મુશ્કિલ હૈ.
સંત દરશ અરૂ હરિ કથા, તુલસી દુર્લભ દોઈ
સતસંગતિ દુર્લભ સંસાર, નિમિષ દંડ ભરી એકી બારા.

સંત અને સતસંગની મહિમાનું વર્ણન વેણુમાં કેણું કરી શકે?

કહી સક ન શારદ શેષ નારદ, સુનત પદ પંકજ ગહે
અસ દિનબંધુ કૃપાલ અપને, ભગત ગુણ નિજ મુખ કહે.

સાક્ષાત ભગવાન પણું પૂર્ણરૂપે વર્ણન નથી કરી શકતા.

જાનહિં રામ ન સકહિં બખાની

છતાં સંતકૃપા મળતાં રાક્ષસીપણુ માનસજીમાં સત્સંગનો મહિમા ગાય છે,

તાત સ્વર્ગ અપવર્ગ સુખ, ધરિય તુલા ઈકે અંગ
તુલે ન તાહિ સકલ મિલિ, જોસુખ લવ સતસંગ

તેમજ ગૌસ્વામીજીના શબ્દે પ્રમાણે,

એક ઘડી આધી ઘડી, આધિમેં પુની આધ;
તુલસી સંગત સંતકી, કટે કોટિ અપરાધ.

માટે હવે તો જે જે જીવો આવા પ્રસંગોમાં નિમિત્ત બન્યા અને કુસંગથી છોડાવી સંતના ચરણમાં રામકથાનો અનેરો આનંદ અપાવ્ય તે બધાને વારંવાર પ્રણામ કરૂ છું. સાથે પ્રભુકૃપાથી જાગૃતિ આવી છે કે :–

રામહિ સુમિરિય ગાઈવ રામહિં, સંતત સુનિય રામગુણગ્રામહિ ।
ઉદાસીન બરૂ રહિય ગોસાઈ, ખલ પરિહરિય ।નકી નાઈ.

ગની દહીંવાલાનું ગીત યાદ આવે છે,

મારે હાથ ઝાલીને લઈ જશે, મુઝ દુશ્મનો જ સ્વજન સુધી. સાચા સ્વજન તે સંતે જ છે.

"પ્રભુના ભકતે મારા સગાં ને સબંધી....."

મારા જીવનમાં આ ઘટના ન ઘટી હોત તો શું ખબર પડત કે આ સ્વાર્થી જગતમાં કેણું મારૂ છે? જેને હું મારા માનું છું તે મારા છે કે નહીં? તથા મારામાં જ ધૈર્ય, પ્રમાણિકતા કે સહનશીલતા છે કે નહીં? આ બધું કઈ રીતે સમજી શકાત?

ધીરજ ધર્મ મિત્ર અરૂ નારી, આપદ કાલ પરખિયે ચારી.

સૌથી વધારે તે ભગવત્ કૃપા આજે પણ નિરંતર તેટલી જ વરસી રહી છે તેની પ્રતીતિ કેમ થાત? જીવન સંઘર્ષમય જ છે તેથી જાણે કે જીવનમાં લંકાકાડ ચાલતો હતો. અંતે પ્રભુના પીઠબળથી હવે વિજય મળ્યો અને એમ અનુભવાય છે જાણે જીવનમાં રામરાજયની સ્થાપના થઈ.

૧૦૧ જકી કૃપા લવલેશ તે.....
સંતો ફરતાં મંદિરિયા સીતારામના,

ભગવાનના શ્રીમુખના શબ્દો તે,
મેં તે સંત અધિક કરિ લેખે.

## અહૈતુક કૃપા



**પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)**



સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો. ૯૪૨૬૪૯ ૫૭૭૫૨ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્યઃ પ.પૂ.કુ.રમાબેન પુરુષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા-પુસ્તકમાંથી)

છે સીતારામના પ્યારે રાધેશ્યામના,
હોસતેં ફરતાં મંદિરિયા સીતારામના
જબ દ્રવે દીન દયાલુ રાઘવ, સાધુ સંગત પાઈયે.
માનહું સંત અનંત સમાના પરંતુ

અનાયાસે પ્રભુકૃપાથી કોલ્હાપુરમાં સૌ પ્રથમ કથા સાંભળવા મળી.

સંતસરલ ચિત જગતહિત, જાની સુભાબ સનેહ ।

નવદિવસ કથામૃતનું પાન કર્યા બાદ કથા પ્રત્યેનું આકર્ષણ વધવા લાગ્યું. ફરી મુંબઈમાં કેસેટ સાંભળતી રહેતી.

પૂ. બાપુની અમૃતવાણી દ્વારા રામકથાના સિંચનથી ફરી પૂર્વવત્ ધીરે ધીરે મારી મસ્તીમાં આવવા લાગી. વ્યથિત મન ઉત્સાહિત બનતું ગયું. ચિત્તની પ્રસન્નતા રહેવાથી શરીર પણ નિરોગી થતું ગયું.

રામચંદ્ર ગુણુ બરણુન લાગે, સુનતહિ સીતાકર દુઃખ ભાગે.
તુમ્હરે ભજન રામકે પાવે, જન્મ જન્મ કે દુઃખ બિસરાવે.

ભગવાનના શબ્દોમાં કહું તો "સદ્ગુરૂ કાયા સંત મહાત્મા કા પ્રભુકી પરિપૂર્ણ દયા સે હી સયોગ હોતા હૈ. ભગવાનકી કૃપા તબ માની જાતી હૈ જબ ગુરૂદેવ યા સંત સંગ મિલે." તેમજ "નિશ્ચય કરે જીવ ઈર કા અંશ હૈ, પ્રભુકી વિશેષ કૃપા તથા ઈચ્છાસે એક બહુત બડે મહવ કે કાર્યકી પૂર્તિ કરને આયે હૈં. વહ કાર્ય હૈ, પરમશાંતિ, ભગવદ્ પ્રેમ, ભગવત્ પ્રાપ્તિ. જે મનુષ્યઈસ મહાન કાર્યક પૂર્તિમેં લગા રહતા હૈ વહી યથાર્થમેં મનુષ્ય હૈ. સબ સંત સદ્ગુરૂ સ્વરૂપ હી હૈ જેસે સબ સ્ત્રી માતાકે સમાન હોને પર પયપાન કરાને વાલી માતા તો એક જન્મ-દાતા માં હી હોતી હૈ. વૈસે હી સબ સંત સદ્દગુરૂ સમાન હોને પર ભી સ્વાનુભવામૃત પાન કરીનેવાલી ઈર યુકત સદ્ગુરૂ માતા ભી એક હી હોતી હૈ ઓર મુમુક્ષ શિષ જબ ભૂખસે વ્યાકુલ હેકર રેને લગતા હૈ તબ સદગુરૂ સે ક્ષણભર ભી રહા નહીં જાતા ઔર વહુ માતા જૈસે શિશુકે પયપાન કુરાને દેડકે આતી હૈ વૈસે દેડકર આકર શિશુકે અમૃતપાન કરાતે હૈ.

ધાર્મિક ક્ષેત્રમાં પણ લોકો સંકુચિત માનસ પ્રમાણે વાડા બંધી કરતા હોય છે. પરંતુ કોઈ પણ ભેદભાવ સંતોની દષ્ટિમાં હોતો નથી. કારણ ભગવાને પણ કહ્યું છે "ગુરૂ કો શિષ્ય પ્રિય, સંત ગુરૂ હૈ ઔર ગરૂ સંત હૈ." આવી મતભેદની વિચારધારા રાખનારા તો ભકિતરસમાં શું સમજી શકે ? કોઈપણ સંત ધર્માનુસાર આચરણ બનાવવા માટે જ સમાજ, દેશ અને વિને કહેતા હોય છે કે ધર્મ એક જ છે, સંપ્રદાય જુદા જુદા હોય શકે છે.

સિતારોને કહા, સારા ગગન બદલ ગયા,
બુલબુલોને કહા, સારા ચમન બદલ ગયા,
સંત હંસ ગુણ ગહહિં પય, પરિહરિ બારિ બિકાર।
તબ એક સૂફીને કહા, કુછ નહીં બદલા, મુર્દોહી કેહિ હૈ, સિર્ફ કફન બદલ ગયા.

"છે ભકિત મહીં રસ શું? અજાણ્યા શી રીતે જાણે ? અરે! એમાં મજા શું છે મજા કરનાર હોય તે જાણે."

આવત ઈહિસર અતિ કઠિનાઈ રામકૃપા બિનુ આઈ ન જાઈ
કઠિન કુસંગ કુપંથ કરેલા, જિન્હકે બચન બાઘ હરિબ્યાલા

રામકથા સાંભળતા તેમાં જ સાચું સુખ લાગવા લાગ્યું. 'સંત મિલન સમ સુખ કછુ નાહીં.' થોડા સમયમાં રાજકોટમાં ગુઢભાઈ બહેને તરફથી પૂ. બાપુના વ્યાસપદે શ્રી રામકથાનું આયોજન કરવામાં આવ્યું. રાજકોટ કથામાં ગઈ ત્યાં મનોમન વિચાર કર્યો કે હવેથી ભારતમાં પૂ. બાપુની જયાં જયાં કથા થશે ત્યાં બધી જગ્યાએ જવા હું પ્રયત્ન કરીશ. સહેજવાર આર્થિક રીતે વિચાર આવ્યો કે કોઈવાર આ કારણથી રોકાઈ જવું પડે તો પ્રભુ ઈચ્છા. ભગવાનની પરમકૃપાથી ૧૯૬૦થી ફરતી રહી છું. તેમાં આજ સુધી કદી પણ તે બાબત વાંધો આવ્યો નથી. પ્રભુ ગમે તેને નિમિત્ત બનાવી મારૂ કાર્ય પૂરૂ પાડે જ છે. ખરેખર આજ સુધી પૂ. બાપુની ભારતમાં થતી અમુક કથાઓમાં જાઉં છું તેમાં કોઈપણ પ્રકારે કયાંય પણ તકલીફ થતી નથી. તે સંત અને ભગવંતની કૃપાનું જ પરિણામ છે. 'ખુદા અપને બંદેકે ખુદ કરતા નિગેહબાની, નયા મંજર, નયા બિસ્તર, નયા દાના, નયા પાની.' પ્રભુકૃપાથી શ્રી રામકથાને આધાર મળી ગયે છે તેથી જીવન જીવવા જેવું લાગે છે.

મહા મોહ મહિશેષ વિશાલા, રામકથા કાલિકા કરાલા,
રામકથા શશિ કિરણ સમાના, સંતચકોર કરહિં જેહિ પાના.

રામકથાના મહિમાને પાર તે કેશુ પામી શકે? યેંગેર શિવજી સ્વયં જૈનુ ગાન તથા પાન કરતાં રહ્યા. ભગવાનના શબ્દોમાં, ''વિદ્વાનવસંતમેં ભૂ, આકાશકા અંતર હૈ, વિદ્વાનકી વૃત્તિ શાસ્ત્રાવલેકન કર તર્કમય અધિકતમ હૈં જાતી હૈ. સંતકી અધિક્ર સદા આચરણમય વૃત્તિ હૈતી હૈ." આવે સંગ મળતાં ભગવાનના શબ્દો તાજા થાય છે.


---

# હરિ કૃપા હશે તો : મધુર વચન હૈ ઔષધિ કટુક બચન હૈ તીર-કબીર

જિંદગીના પ્રવાસમાં મીઠાં મધ જેવા શબ્દોની પોટલી પાસે રાખવાની છે. સાદા, સરળ શબ્દોમાં સાર્થક જીવન સમજાવ્યું છે.

ખુશખુશાલ રહેવા એક ઉપાય છે. જીવનનાં અંત સુધી કામ કરવું પ્રવૃતિ જીવન છે. સતત કાર્ય કરવાથી તન-મન તંદુરસ્ત રહે છે. નદી વહેતી રહે તો ચોખ્ખી રહે છે. તેમ જીવન નાવને વહેતી રાખવી. સાયન્સ કહે છે જે માણસ પોતાનું મન ગમતું કામ કરે છે. તેઓ વધુ તંદુરસ્ત રહે છે. નોકરી માટે તો ચોકકસ સમય મર્યાદા છે પરંતુ મનગમતી પ્રવૃતિ માટે કયાં કોઈ સમય મર્યાદા છે ? કેટલાક વ્યવસાયમાં નિવૃતિ હોતી નથી. કલા, કારીગર, કવિ, લેખક, ડોકટર, શિક્ષક, વકીલ જેવા ઘણા વ્યવસાય – પ્રવૃતિઓ છે જે માણસ જીવનનાં અંત સુધી કરતા રહે છે. રાજકારણમાં પણ લોકો નિવૃત થતા નથી. ઉદ્યોગપતિઓ, ગૃહિણી પણ નિવૃત થતી નથી. તુલસીદાસે ૭૨ વરસની ઉંમરે લખેલ છે. ટેનિસને "પૈરેડાઈઝ લોસ્ટ" અંધ કવિ મિલ્ટને ક્રોસિન ધ વોર ૮૮ વરસની ઉંમરે પુરૂ કરેલ. જર્મન કવિ ગેટે 'ફાસ્ટ' નામનો ગ્રંથ ૯૦ વરસથી ઉંમરે લખ્યો હતો. જેમ પરિપકવતા વધે તેમ વધુ સરસ સર્જન થાય છે. મોટી ઉંમરે રાજનેતાઓ વધુ સક્રીય જોવા મળ્યા છે. આટલું આ માટે લખ્યું છે કે કાર્ય કરવા માટે નવું જાણવા શીખવા માટે ઉંમરનો કોઈ બાધ નથી. વર્તમાન સમયમાં આપણું આયુષ્ય વધી રહ્યું છે ત્યારે આપણા જ્ઞાન, શકિત, સમજદારીનો સારો ઉપયોગ કરી સમાજને, કુટુંબને, દેશને વધુ ઉપયોગી થવું જોઈએ. બીજાને મદદ કરવી ઉપયોગી થવું એ જ ખરૂ જીવન છે. નોબલ પારિતોષિક વિજેતા ડો. જેમ્સ વોટસનનું સૂત્ર છે. 'નેવર રિટાયર્ડ' કદી નિવૃત ન થાઓ. સ્વસ્થ શરીરમાં સ્વસ્થ મન રાખવા નવું નવું વિચારવું નવી પ્રવૃતિઓ શરૂ કરવી. સાયન્સ કહે છે. મગત થાકતું નથી. શરીર થાકે છે. આગમથી શરીર કરી કાર્ય કરવા તૈયાર થાય છે. આપણી કહેવત છે નવરૂ મન વિચાર કરે અને એકલા હોતો વિચારો નબળા આવો. મિત્રો, સ્વજનો વચ્ચે રહેવાથી તંદુરસ્ત રહી શકાય છે. અરવિંદ આશ્રમમાં સાધકોને ધ્યાન, યોગ, કસરત દ્વારા

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

તંદુરસ્ત રહેવા નિવૃતિ સ્વીકારતા નથી. અમેરિકાના પ્રમુખ, આપણા વડા પ્રધાન પણ સૌના માટે આદર્શ દાખલો પૂરો પાડે છે. પરિસ્થિતિનો, સંજોગો, સંબંધોનો સ્વીકાર કરવોએ ઉકેલ મેડીસીનના પ્રોફેસર ડો. દિપક ચોપ્રાએ તેમના પુસ્તક એજલેસ બોડી એન્ડ માઈન્ડમાં આવી વાતો કરી છે. યોગશાસ્ત્ર, આયુર્વેદમાં પણ આ વાત આપણને કહે છે. જીવનની અંતીમ ક્ષણ સુધી આનંદમય દીર્ઘજીવન જીવવાનું આયોજન કરો. મારે ખૂબ લાંબુ સુખી, સ્વસ્થ જીવન જીવવું છે તેવો દઢ નિર્ણય કરો. ડો.ચોપ્રા કહે છે. મનોવૈજ્ઞાનિક રીતે મનને સદૈવ યુવાન રાખો. જેવા વિચાર કરશો. તેવા તમે થવાના. એકાંકી જીવત, નિરાશા, આર્થિક મૂંઝવણ વધુ પડતી ચિંતા મિત્રોનો અભાવ, કોઈપણ બાબતમાં જેવી કે કલા, સંગીત, ઘડપણ વાચનમાં રસ ન હોવો આવી બાબતો ઘડપણને જલ્દી લાવે છે. જીવનને આનંદમય બનાવવા પ્રયત્ન કરવો પડે છે. વહેતી નદી જેવું આ જીવનને દરેક ક્ષણે માણવા વર્તમાનમાં રહો. પ્રાર્થના કરતા રહો. ભૂતકાળને ભુલવા ભવિષ્યની ચિંતાઓ દૂર કરવા જરૂર પડે. ડોકટરોની સલાહ લો. મેડીટેશન મદદ કરશે. બીજાનું હિત વિચારો. તમારૂ હિત જરૂર થશે. કોઈ સારૂ કાર્ય કરે તેની પશંસા કરો. કોઈને સારી વાત કરો, સલાહ આપો, સદ્ગ્રંથોનું વાંચન કરવી. તમારે કોઈ પ્રતિક્રિયા ન આપવી. તમે ધ્યાનમાં શાંતિ રાખશો એટલે આંદોલનની અસર સામી વ્યકિત ઉપર થશે. પરિસ્થિતિ કાબુમાં આવી જશે. શાંતિ, ધીરજ, સમજણથી આ બાબતોને ઉકેલવી. વેદકાળમાં નેવું વરસની ઉંમરનાં લોકો અલગ રહી પ્રાર્થના પૂજામાં સમય વીતાવતા હતા. ઉતરવસ્થામાં પ્રભુના પ્રેમમાં પડવાથી જીવનમાં સદૈવ આનંદ ઉત્સવ રહે છે. આવું ન થઈ શકે તો કુટુંબ સાથે રહીને સૌ સભ્યોને ઉપયોગી થવા, મદદરૂપ થવાનો પ્રયોગ સફળ થાય છે. તમારી શ્રેષ્ઠશકિતઓનો ઉપયોગ કરો. પ્રેમથી સૌને મળો. શિસ્તમાં રાખવાનો પ્રયત્ન ન કરો. ખોટું કામ કર્યુ છે તે વારંવાર કોઈને તમે કહી ટીકા ન કરો. ભૂલ કરવી માનવ સ્વભાવ છે. તમારા સંતાનોને અન્યનાં સંતાનો સાથે સરખામણી ન કરો. અત્યંત સહજ સૌને પ્રેમ કરો. સમાજને કુટુંબને બદલવાની જરૂર નથી. આપણે આપણો સ્વભાવ બદલવાની જરૂર પડે તો તેમ કરવું બીજાને માટે ક્ષમાશીલ બનવું ઉદાર બનવું. સંસારનો સાગર તરી જવાના હરિ કૃપા હશે તો...શ્વાસની સંખ્યા ખૂબ વધી જશે હરિ કૃપા હશે તો...શબ્દો લખ્યા અમુલ્ય કોઈ વાંચશે એ આશામાં...ખરો રસ્તો મળ્યો નથી શોધું હું ગુગલનાં નકશામાં....

---

# * એનો અર્થ એવો થાય કે..*

કહેવાય છે કે, ઋણાનુબંધ સિવાય કોઈ પણ વ્યક્તિ આપણા સંપર્કમાં આવતી નથી. જોકે આ વાત માત્ર વ્યક્તિ પૂરતી સીમિત ન રહેતા કોઈપણ જીવ સાથે પ્રગટતો સંબંધએ ઋણાનુબંધ સિવાય શકય નથી. પરંતુ આ કારણે જન્મતો સંબંધ દરેક વખતે માત્ર સ્ત્રી પુરૂષના વિજાતીય પ્રેમ માટે જ નથી. માણસનો પશુ પ્રત્યેનો પ્રેમ, પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ, પોતાના આપતજનોને પરિવાર પ્રત્યેનો પ્રેમ, પોતાના બાળકો કે માતા પિતા પ્રત્યેનો પ્રેમ, આ દરેક ઋણાનુબંધ છે. મિત્ર માટેનો પ્રેમ. વળી જીવનમાં વ્યવહારિક કે વ્યવસાયિક દષ્ટિએ બનતા કોઈપણ સંબંધમાં કોઈ વ્યક્તિ સાથે ખૂબ આત્મીયતા અનુભવાય અને સંબંધ ઘેરો બને તો એ ઋણાનુબંધ છે. જયારે અમુક વ્યક્તિઓ સાથે કોઈ જ રાગ, દ્વેષ કે દુશ્મની ન હોવા છતાં એ વ્યક્તિઓ સાથે આપણને ફાવતું નથી અથવા આપણે એનાથી દૂરી બનાવીએ છીએ. તો બની શકે આ પણ એક ઋણાનુબંધ જ હોય. જેમ અમુક સંબંધોમાં પ્રગટતી આત્મીયતાને જો આપણે ઋણાનુબંધ માનતા હોઈએ તો અમુક સંબંધમાં પ્રગટતી દુરી અને અંતરને પણ આપણે એ જ ઈશ્વરનું ઋણાનુંબંધ માની સ્વીકારવું જોઈએ.

વળી સ્નેહના સંબંધો આપમેળે જ વિકસતા હોય છે. લાગણીનો છોડ આપમેળે ખીલે એને પરાણે ઉગાડી ન શકાય. ત્યારે આ

## અનુભૂતિના અક્ષરો



– નિધિ મહેતા "ખુશી" અમદાવાદ

પ્રેમના પવનમાં પાગલ થતાં દરેક હૃદયને એ વાત ચોક્કસ યાદ રાખવી કે, ખરેખર સ્નેહનો સંબંધ છે અને એ સંબંધ જો ઋણાનુબંધનો છે તો તે ચોક્કસ પરિપકવ બનશે. પરંતુ ત્યારે જે સરનામે તમે સ્નેહનો પ્રસ્તાવ મુકવા પગલાં માંડો છો ત્યારે સામે પક્ષે સ્વીકારની અપેક્ષાની સાથે જ અસ્વીકારના સ્વીકારની તૈયારી પણ રાખવી જરૂરી છે. અને અસ્વીકારને અપમાન સમજીને નહીં પણ સામેના પાત્રની ઈચ્છાનું સન્માન કરી એ સંબંધમાં તમારૂં ઋણાનુબંધ એટલા જ હતાં એ સ્વીકારી આગળ વધશો. સામેના પાત્ર માટે મનમાં કોઈ રાગ, દ્વેષ કે ઈર્ષા રાખ્યા વગર. કારણ કે *આ પ્રેમ કોઈ કાયદો નથી કે થોપી શકાય એ તો બસ હૃદયમાં રોપી શકાય* અને ખરેખર પ્રેમમાં તમે કોઈને ચાહી શકો બસ, માત્ર ચાહી શકો એ પણ તમને ચાહે જ એવી અપેક્ષા રાખ્યા વગર. બાકી હૃદયમાં સામે કંઈ પણ પામી લેવાની ભાવના કે ઈચ્છા જન્મે ત્યારે તે વહાલ કરતા વધુ વેપાર બની જાય છે.

---

# સાયકલ રીક્ષા ભારતનું એક માનવ શકિતથી ચાલતું પ્રદુષણરહિત વાહન

અરે જાપાન જેવા વિકસિત રાષ્ટ્ર પણ હવે પર્યાવરણના જતન માટે સતત જાગૃત રહે છે. અમુક વિસ્તારોમાં તો ત્યાં સાયકલ સિવાય કોઈ વાહન નથી લઈ જવાતું. હા, ઈમરજન્સી હોય તો વાહનો ચલાવી શકાય તેવી માનસિકતા જાપાનીઓએ પૂર્ણ કેળવી છે.

આમ તો એકંદરે ટ્રાન્સપોર્ટેશન માટે આ સાયકલ રીક્ષા પ્રદુષણ રહિત વાહન હોય પર્યાવરણ માટે આશીર્વાદ રૂપ ગણાય. જો કે આની પણ ઘણી મર્યાદા હોય છે. માનવશકિતથી ચાલતી સાયકલ રિક્ષા એક સિમિત અંતર અને વજનનું વહન કરી શકે છે. ટ્રાન્સપોર્ટેશનમાં સમય થોડો વધુ લાગે છે. પરંતુ છતાંય અન્ય ભારવાહક કરતાં પ્રાકૃતિક જીવનની વધુ નજીક જોવા મળે છે. આમ તો લોકો જયારે કોઈ નવી કાર, રીક્ષા, ટ્રક કે બસ જેવાં ટ્રાન્સપોર્ટેશનના વાહનો ખરીદે છે ત્યારે પોતાની ધાર્મિક પરંપરા મુજબ કંકુ ચોખાથી ચુંદડી બાંધીને પોતાના ઈષ્ટના નામનું સ્મરણ કરીને તેની પૂજા અર્ચના કરે છે. એવી જ રીતે આ સાયકલ રીક્ષા કે જે મહેનતકશ ગરીબોની રોજીરોટી હોય તેને ખરીદનાર પણ કોઈની બુરી નજર ન લાગે અને ધંધામાં બરકત થાય તે માટે લીંબુ મરચાં પણ ટાંગે છે. પ્રસ્તુત તસવીરમાં એ નવી સાયકલ રીક્ષા નીચે લીંબુ મરચાંનો હાર કરીને ટાંગેલો જોવા મળે છે. આ સાયકલ રીક્ષા અન્ય પેટ્રોલ ડીઝલ, ગેસ કે ઈલેકટ્રીક ફયુલથી ચાલતાં વાહનોની સરખામણીમાં ભલે ધીમી ગતિથી ચાલે પરંતુ શ્રમવીરો માટે રોજગારી અને પર્યાવરણ માટે આશીર્વાદ સમાન વાહન જ ગણાય.. આજે નહીં તો ટૂંક ભવિષ્યમાં પણ સમગ્ર માનવ સમાજે પેટ્રોલ ડીઝલના ધુમાડા ઓકતાં વાહનો છોડી માનવશકિતથી, પવન શકિતથી કે સેર શકિતથી ચાલતાં વાહનો તરફ જ વળવું પડશે. પેટ્રોલ અને ડીઝલના ધુમાડાથી કયાં સુધી પર્યાવરણનું નિકંદન કાઢીશુ ? આમ જોવા જઈએ તો માનવશકિતનો શ્રેષ્ઠ ઉપયોગ સામાજિક તંદુરસ્તી અને પર્યાવરણ શુધ્ધિનો સંદેશ લઈને આ સાયકલ રીક્ષા આવે છે. ભાગ્યે જ જોવા મળતાં બળદગાડા, ઊંટ ગાડી, ઘોડાગાડીના ઉપયોગને ફરી વેગવંતા કરવા જ પડશે.

**– પ્રસ્તુતિ બિપીનભાઈ પાંધી સાવરકુંડલા.**

---

# "ખુલ્લી કિતાબ જેવી છે જિંદગી છતાં, તૂટયા નહીં ભરમ એ મુકદરની વાત છે."

કાયમ અલી હમરી

જે સહજ છે, સરળ છે, તેને જ પામવું, પારખવું અસહજ બની જતું હોય છે ! આપણો ઈતિહાસ અને વર્તમાન આ વાતનો સાક્ષી છે અને રહ્યો છે કે આ જગત ઉપર એવાં અનેક માનવરત્નો થઈ ગયાં છે, જેને પારખવામાં સમાજ કાયમ ઊણો ઉતર્યો છે મોડો પડયો છે, અનેક સમાજ સેવકો, માનવરત્નો, મુઠી ઊંચેરા માનવીઓને તેમની લાયકાત અને પ્રદાનની યોગ્ય કદર થવી જોઈએ તે સમાજ કરી શકયાં નથી. સ્વયંમ ભગવાન શ્રી કૃષ્ણને પારધીનું બાણ વાગે, ઈસુ ખ્રિસ્તને ખીલ્યા ઘરબવામાં આવે, ગાંધીજીને ગોળીએથી વિંધાવું પડે, ભીષ્મ પિતામહને બાણશૈયા ઉપર પથરાવું પડે, સોકેટીસને જળનો પ્યાલો ધરવામાં આવે. આ સઘળાં દષ્ટાંતોથી આપણે કયાં અજાણ છીએ ? આ તમામ ઘટનાઓ શું સાબિત કરે છે ?

પદમશ્રી શાહબુદીન ભાઈ બહુ સરસ વાત કરે છે કે : સમાજ જયારે સજજનોનું સન્માન



યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

## 'સમજણ એ જ નારાયણ

કરે અને દુર્જનોને દંડ આપે ત્યારે શ્રેષ્ઠ સ્થિતીનું નિર્માણ થાય છે, શ્રેષ્ઠ સમાજ રચાય છે, ત્યાંથી નીચે ઊતરતાં પછી સમાજ દુર્જનોનાં સન્માન કરવા માંડે છે. અને છેલ્લી કક્ષાએ પહોંચતા એ જ સમાજ સજજનોને દંડ આપવા માંડે છે. આ આખા સમાજનાં પતનની નિશાનીઓ છે અધઃપતન નોતરતી કમનસીબી છે.

એક સાચૂકલા માણસને દરેકથી ડરી ડરીને મૂંઝાઈને રહેવાનું, અને એક અધમ માણસ છાતી કાઢીને, સૌ કોઈ ઉપર બળજબરી ધામ ધમકી કરીને મોજથી જીવી શકે ! આ કેવી વિચિત્રતા ગણાય ? છતાં આ બધું સમાજમાં છે મને ? તો આ સઘળાં ભરમો, અસંગતતાઓને શું નસીબ ગણવું કે સમાજની પોતાની નકામી ?

તિખારો : "એક પણ સગડ મૂકયાં વિના અવગત થઈને,
આપણી સઘળી કરૂણા કયાં જતી રહી લુપ્ત થઈને ?
પામવા ઈશ્વર તને, ઈચ્છા ઘણી પણ પ્રશ્ન એ છે
દુઃખ જગતનાં મારે સહેવાનાં શું કરવા ભકત થઈને ?"

**– હિતેન આનંદપરા**

---

# * હાસ્યધર્મથી 'સફળતા' ને વધાવીએ.*

અમારા ગ્રુપમાં સફળતાની વાતો નીકળી કે કોઈપણ માણસને સફળ થવું હોય તો મહેનત કરવી પડે એટલે રઘો હસતા હસતા કે સફળતા તરફ જતા માણસને બને એટલું ઉપયોગી થવાય તો થવું પણ એને નડવું ન જોઈએ. જેમ કે હું મહેનત તો કરૂ જ છું. પણ મારી મહેનત આડે પણ કોઈક મહેનત કરતું હોય એમ મને સફળ થવા જ નથી દેતા આનું કોઈ સોલ્યુશન છે. એટલે અમારે સવજી કે એનો ઉકેલ તો તમારા હાથમાં છે. કે ઘરડા માણસો કહેતા કે વાત બહાર પાડવી નહી. ત્યાં તો બધા હસવા લાગ્યા. એટલે અમારા એક સાહેબ કે જેને સફળ થવું છે એને કોઈ વિઘ્ન નડતા જ નથી અથવા નડે તો ઉકેલ કાઢી લે છે. ઘણા માણસો તો કાર્ય નહી સિધ્ધ થાય એમ માની કાર્ય આરંભ જ નથી કરતા. અને ઘણા કાર્ય આરંભ કરે પણ વચ્ચે નાનું સરખું વિઘ્ન આવે એટલે કાર્ય અધુરૂ છોડી દે



મયુર દવે
આચાર્યશ્રી
સરસીયા હાઈસ્કૂલ

છે. અને ઘણા માણસો કાર્ય શરૂ કરી ગમે તેવા વિઘ્નો આવે તો પણ કાર્ય છોડતા જ નથી. આને ઉતમ માણસ કહેવાય. ત્યાં તો રઘો હસતા હસતા કે હું ઉતમ જ છું. હજુ મારા પ્રયત્નો તો ચાલુ જ છે. ફરી રઘાની વાચાળ વાત સાંભળી બધા હસવા લાગ્યા. જુઓ એક સફળતાનો પ્રસંગ સાંભળીએ. સફળતા કયારેય નાના કે મોટા કામ સાથે જોડાયેલી હોતી નથી. નવી નવી ફાઉન્ટન પેન માર્કેટમાં આવી ત્યારે જયોર્જ પાર્કર એક યુવાનને પેનની એક દુકાનમાં કારકુન તરીકે નોકરી મળી. પેનની હજુ તો શરૂઆત હતી એટલે પેન વારંવાર બગડવાની ફરિયાદ રહેતી. પેન બરાબર ન ચાલે તો એને રિપેર કરી આપવાની કે પેન બદલી આપવાની કોઈ ગેરંટી આપવામાં આવતી નહોતી. જયોર્જ તો સામાન્ય નોકર છતાં ગ્રાહકને સંતોષ થાય એ રીતે સ્વભાવ સારો રાખી પેનને રિપેર કરી આપવાનો પ્રયાસ કરતો. એમની આ ગ્રાહકોને સહકાર આપવાની અનેરી સેવાનું જે તે દિવસે પરિણામ એ આવ્યું કે પેન બનાવનાર ફાઉન્ટન પેન બાબતે એ વિશેષ જાણકારી ધરાવતો થઈ ગયો. અને જયોર્જ પાર્કરને મનમાં વિચાર આવ્યો કે હું પોતે જ હવે સારી ટકાઉ આકર્ષક પેન બનાવુ તો ? બસ પછી તો નોકરી સિવાયના મળતા સમયમાં સારામાં સારી ટકાઉ અને આકર્ષક પેન કેવી રીતે બનાવી શકાય એ માટેના પ્રયોગો એણે શરૂ કર્યા. છેવટે એણે ઉતમ પ્રકારની પેન તૈયાર કરી, એના માટે પેટન્ટ લીધી અને પેનનું ઉત્પાદન એણે પોતાની ફેકટરીમાં શરૂ કર્યું આમ પેનની દુકાનમાં સામાન્ય કારકુન ગીરી કરતા કરતા પેન રીપેરીંગ જેવા સાધારણ કામને રસપૂર્વક અંજામ આપનાર જયોર્જ એસ.પાર્કર સફળતાની સીડી ચડી જગતની પ્રખ્યાત પાર્કર પેન કંપનીનો સ્થાપક બન્યો. ટુંકમાં જે માણસ પોતાના કામ પ્રત્યે અણગમો ધરાવે છે કે કામનાબોજ હેઠલ દબાઈને હાંસિયામાં ધકેલાઈ જાય છે. જયારે કામને ચાહનાર માણસ સિદ્ધિના શિખરે પહોંચે છે. બીજા શબ્દોમાં સફળતા એને મળે છે, જે બીજા કરતા એક ડગલું આગળ વધે છે ત્યાં તો રઘો હસતા હસતા કે હું તમારા બધાથી એક ડગલું આગળ છું. એટલે તો ખુશ ખુશ છું. મારે તો હસવામાં પણ કોઈની રજા નથી લેવી પડતી. અને વળી ઘરે પણ મોજથી હસી શકું છું. ત્યાં તો માર્મિક ટકોર સમજી બધા ખડખડાટ હસવા લાગ્યા. હસતા રહો, હસાવતા રહો.

# દામનગર ખાતે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનો આસ્થાભેર પ્રારંભ



તસ્વીર : નટુ ભાતીયા–દામનગર

દામનગર શહેરમાં જૈન વણીક ગાંધી પરિવાર દ્વારા નિર્માણ નૂતન મંદિરમાં વિવિધ દેવાલયમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ થયો છે. ત્રિદિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં ઓડિસા જગન્નાથપુરી પધારેલ સ્વામી શંકર ચૈતન્યતીર્થજીની પાવન નિશ્રામાં નૂતન મૂર્તિની નગરયાત્રા શહેરના મુખ્ય રાજમાર્ગો ઉપર ધ્યાનાકર્ષક રીતે ફરી ઠેર ઠેર વેપારીઓ દ્વારા પુષ્પ વૃષ્ટિ સાથે દર્શન પૂજન અર્ચન સમસ્ત જૈન વણીક ગાંધી પરિવારના દેવાલયના ત્રિદિવસીય પ્રતિષ્ઠા મહોત્સવ પ્રારંભ વિક્રમ સંવત ૨૦૮૧ના મહા સુદ ૧૧,૧૨,૧૩ તા.૮/૨/૨૫ થી ૧૦/૨/૨૫ સુધી વિવિધ કાર્યક્રમોમાં આજે નૂતન મંદિરમાં પ્રખ્યાત શકિતપીઠ શંખલથી બહુચરાજી માતાજીનો આનંદનો ભવ્ય ગરબો યોજાયો. નયન રમ્ય ગાંધી પરિવારના દેવાલયમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવના ધાર્મિક કાર્યકમોમાં દેહશુદ્ધિ નગરયાત્રા ધાન્યધીવાસ મહાઅભિષેક જલાધીવાસ ધૃતાધીવાસ શયાધીવાસ મૂર્તિ પ્રતિષ્ઠા શ્રીફળ હોમ મહાઆરતી પંચકુંડી મહાયજ્ઞમાં વિદ્વાન આચાર્ય નયન જોશી શાસ્ત્રી મહેશ પંડયાના વ્યાસાસને ત્રિદિવસીય અખંડ યજ્ઞ આહુતિ આપશે સમસ્ત ગાંધી પરિવારના પુત્ર રત્નો અને પુત્રવધુઓ શંખલપુર શકિતપીઠના પ્રખ્યાત બહુચરાજી માતાજીના આનંદના ગરબાનું સવારના ૯:૦૦થી સાંજના ૫:૦૦ સુધી અદભુત આયોજન અસંખ્ય શ્રધ્ધાળુ ભાવિકોએ કર્યા પૂજન અર્ચન દર્શન નૂતન મંદિર પ્રતિષ્ઠા મંદિરમાં સ્થાપિત દેવ પ્રતિમા, આઈ ખોડિયાર માતાજી, સિંધવાય સિકોતર માતાજી, બહુચર માતાજી, હનુમાનજી, ગણપતિ, મેરખિયા વીર, બટુક ભૈરવ સહિતના દેવદેવીઓની નૂતન મંદિરમાં સ્થાપિત મૂર્તિઓની ભવ્ય અને દિવ્ય નગર યાત્રા વેજનાથ નગર સોસાયટીથી પ્રસ્થાન થઈ શહેરના મુખ્ય રાજમાર્ગો ઉપર દર્શનીય નજારા સાથે ખોડિયાર ચોક થઈને સુમન ભવન બ્રહ્મસમાજ વાડી યજ્ઞ શાળામાં પ્રવેશતા સમસ્ત ગાંધી પરિવારની બાળા દ્વારા ભવ્ય સામૈયાથી સત્કાર કરાયો અદમ્ય ઉત્સાહ ગાંધી પરિવારના દેવાલયના ત્રિદિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનો આજે ઓડિસાથી પધારેલ સ્વામી શંકર ચૈતન્ય તીર્થજી જગનાથપુરી ઓડીશાની પાવન નિશ્રામાં રંગા રંગ પ્રારંભ કરાયો હતો નૂતન મંદિરની મહત્તા વિશે મનનીય સદેશ આપતા સ્વામી શંકર ચૈતન્યતીર્થજી મંદિર પ્રાર્થના પ્રકાશ અને શકિતનું મહાકેન્દ્ર છે દરરોજ ઈશ્વરની પ્રાર્થના કરવાથી અંતકરણ પવિત્ર બને છે સ્વભાવમાં પરિવર્તન આવે છે હતાશા અને નિરાશા દૂર થાય મનની શાંતિ અને તાજગી થી દિલમાં ઉમંગ પ્રગટે અને જીવન જીવવાની પ્રેરણા આપતા મંદિરએ માનવ સમાજ માટે દુર્ગુણનું ચિંતન અને પરમાત્માના ઉપકારનું સ્મરણ કરાવે એજ સાચી પ્રાર્થના છે.

પાના ૧ ઉપરનું ચાલું

## દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં

ભાજપની જીત થતાં કાર્યકરો, આગેવાનોએ ફટાકડા ફોડીને વિજયને વધાવ્યો હતો. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ વિપુલભાઈ વસાણી, વસંતભાઈ સોરઠીયા, ગોપાલભાઈ અંટાળા, પી.વી. વસાણી, જયસુખભાઈ ઢોલરીયા, સંજયભાઈ સુખડીયા, હરીભાઈ તેરૈયા સહિતનાં ભાજપનાં કાર્યકરો, આગેવાનો તેમજ ભાજપ મહામંત્રી રમેશભાઈ સાકરીયા, બાવાલાલ મોલીયા સહિતનાં આગેવાનોએ હાજર રહીને કાર્યકરો સાથે જીતની ઉજવણી કરી હતી.

**બગસરા**

દિલ્હી વિધાનસભા મા ૨૭ વર્ષ પછી ભારતીય જનતા પાર્ટીનો ઐતિહાસિક વિજય થતા બગસરા તાલુકા તેમજ બગસરા શહેર ભાજપ પરિવાર દ્વારા બગસરા તાલુકા ભાજપ કાર્યાલય પાસે બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર તેમજ બગસરા શહેર ભાજપ પ્રમુખ તેમજ અમરેલી જિલ્લા ભાજપ મંત્રી મનોજભાઈ મહિડા તેમજ અમરેલી જિલ્લા મહિલા મોરચા પ્રમુખ રંજનબેન ગોહિલ તેમજ બગસરા નગરપાલિકા પ્રતિનિધિ પ્રમુખ એ.વી. રીબડીયા તેમજ અમરેલી જિલ્લા પંચાયત પ્રતિનિધિ સદ્સ્ય ધીરૂભાઈ માયાણી તેમજ બગસરા ભાજપ શહેર પૂર્વપ્રમુખ ધીરૂભાઈ કોટડીયા તેમજ બગસરા તાલુકા મહામંત્રી પ્રકાશભાઈ પરમારની ઉપસ્થિતિમાં ફટાકડા ફોડી આ ભવ્ય જીતની ઉજવણી કરવામાં આવી હતી.

ચૂંટણી પરિણામો જાહેર થતાં જ વિવિધ વિસ્તારોમાં ઉત્સાહનું મોજુ ફરી વળ્યું હતું અને લોકોએ ઢોલ–નગારા સાથે આનંદ વ્યકત કર્યો હતો.

આ તકે બગસરા તાલુકા તેમજ બગસરા શહેર તેમજ તાલુકા ભાજપ પરિવારના સૌ હોદ્દેદારો, નગરપાલિકાના સદસ્યો, તાલુકા અને શહેરના તમામ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

**બાબરા**

દિલ્હીમાં ભાજપનો ભવ્ય વિજય અઢી દાયકાઓ બાદ થતા સમગ્ર દેશમાં ભાજપ પરિવાર દ્વારા ખુશી મનાવવામાં આવી રહી છે, વિજયના વધામણા કરવામાં આવી રહ્યા છે, મોં મીઠા કરી મીઠાઈ વિતરણ કરવામાં આવી રહ્યા છે.

બાબરામાં ભાજપ દ્વારા તાલુકા ભાજપ પ્રમુખ હિતેષભાઈ કલકાણીના અધ્યક્ષ સ્થાને આતશબાજી અહીં નાગરિક બેન્ક ચોકમાં કરવામાં આવી હતી. અહીં તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ વિરોજા, નગરપાલિકા ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અનિભાઈ મકવાણા, શહેર યુવા ભાજપ પ્રમુખ હરેશભાઈ આખજા, મહામંત્રી કપિલભાઈ ચોવટિયા, બીપીનભાઈ રાદડિયા, ભુપતભાઈ બસિયા, નાગરિક બેંકના ચેરમેન હસુભાઈ પોપટ, અનિલભાઈ ચૌહાણ, જગદીશ વાવડીયા, ધર્મશભાઈ વાવડીયા, નરેશભાઈ મારૂ, દેવશીભાઈ મારૂ, શંભુભાઈ પાંચાણી, ખોડલભાઈ મકવાણા સહિતના ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહી ભવ્ય આતશબાજી કરી વિજયના વધામણા કર્યા હતા.

**સાવરકુંડલા**

દિલ્હી વિધાનસભામાં ૨૭ વર્ષ પછી ભારતીય જનતા પાર્ટીનો ઐતિહાસિક વિજય થતાં સાવરકુંડલા ભાજપ પરિવાર ધ્વારા જેસર રોડ તેમજ શિવાજીનગર સાવરકુંડલા ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની ઉપસ્થિતિમાં ફટાકડા ફોડી આ ભવ્ય જીતની ઉજવણી કરવામાં આવી હતી. ચૂંટણી પરિણામો જાહેર થતાં જ વિવિધ વિસ્તારોમાં ઉત્સાહનું મોજુ ફરી વળ્યું હતું અને લોકોએ ઢોલ–નગારા સાથે આનંદ વ્યકત કર્યો હતો. ત્યારબાદ વિજય રેલી કાઢવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં સમર્થકો, કાર્યકર્તાઓ હાથમાં પક્ષના ઝંડા અને પોસ્ટરો લઈને જોડાયા હતા. આ તકે સાવરકુંડલા શહેર તેમજ તાલુકા ભાજપ પરિવારના સૌ હોદેદારો, પાલિકાના સદસ્યો, તાલુકા અને શહેરનાં તમામ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

**ચલાલા**

ભારતના પાટનગર નવી દિલ્હીમાં ૨૭ વર્ષ બાદ ભાજપને ભવ્ય વિજય મળતા ચલાલાના કાર્યકર્તાઓએ ચલાલા નગરપાલિકાના પુર્વ પ્રમુખ ગીતાબેન કારીયાના કાર્યાલયે એકઠા થઈ ભાજપના ભવ્ય વિજયને ફટાકડાની આતશબાજી અને અરસ પરસ મીઠાઈ વહેંચી મોં મીઠા કરી ભવ્ય ઉજવણી કરી આંનદ વ્યકત કર્યો હતો. આ તકે શહેર ભાજપના પૂર્વ મહામંત્રી પ્રકાશભાઈ કારીયાએ જણાવેલ હતુ કે ગુજરાતના સપુત અને વિશ્વના લોકપ્રિય નેતા નરેન્દ્રભાઈ મોદીની વિકાસયાત્રામાં નવી દિલ્હીના મતદારો જોડાયા છે અને આપના ભ્રષ્ટાચારને જાકારો આપી ભાજપને ભવ્ય વિજય અપાવ્યો છે તેની ખુશી આખા દેશના ભાજપના કાર્યકર્તાઓ મનાવી રહ્યા છે. તે વિજય ઉત્સવ આજે ચલાલાના કાર્યકર્તાઓએ ફટાકડા ફોડી મીઠાઈ વહેંચી ભારતમાતા કી જય, વંદેમાતરમના નારા સાથે ઉજવયો હતો. આ તકે ચલાલા નગરપાલિકાના પુર્વ પ્રમુખ ગીતાબેન કારીયા, શહેર ભાજપના ઉપ પ્રમુખ અશોકભાઈ કાથરોટીયા, નીતિનભાઈ વાળા, રેખાબેન ગોસાઈ, મુકેશભાઈ રાઠોડ, પ્રદિપભાઈ પુરોહીત, વિજયભાઈ વાળા, સી.ડી.ભાઈ વાળા, ચુનીલભાઈ વંડરા, ભુપતભાઈ બારોટ, રાહુલ ભાઈ સહિતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી વિજયને વધાવ્યો હતો. તેમ પુર્વ મહામંત્રી પ્રકાશભાઈ કારીયાએ જણાવેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## આધુનિક બસપોર્ટમાં બસની

મોટા ઉપાડે અમરેલી–અંબાજી રૂટની બસ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી પણ હજુ સુધી તે રૂટની બસ શરૂ થઈ નથી. રાત્રિનાં સમયે અમદાવાદ રૂટની તો સાંજના સમયે સુરત રૂટની બસમાં વધારો કરવાની જરૂર છે તો રાજકોટ માટે સવારનાં ૫ થી રાત્રિનાં ૧૧ સુધી ઈન્ટરસિટી બસ સેવા પણ શરૂ કરવી જરૂરી છે.

રાત્રિનાં ૯ કલાક બાદ પુછપરછ વિભાગ બંધ થતો હોય મુસાફરોને પરેશાની થઈ રહી છે. ડેપો મેનેજર છેલ્લા ૧૦ વર્ષથી અમરેલી જિલ્લામાં જ ફરજ બજાવતાં જોવા મળી રહ્યા છે અને વિભાગીય નિયામક પણ દરેક ડેપો મેનેજર કે ટીસીને જરૂરી માર્ગદર્શન આપી શકતા નથી.

અમરેલીનાં ધારાસભ્ય અને સાંસદે બસપોર્ટ ખાતે લોકદરબાર યોજીને એસ.ટી.ને લગત તમામ માંગ સ્વીકારીને તેનું ઉચ્ચ કક્ષાએથી નિરાકરણ કરવું જોઈએ તેવી માંગ મુસાફર વર્ગમાંથી ઉભી થઈ રહી છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં મિનરલ વોટરનાં

જગમાં પાણી ઠંડુ રહે તે માટે નાઈટ્રોજન કેમિકલ પ્રવાહી સ્વરૂપે ઉપયોગ કરવામાં આવે છે જેના કારણે લાંબા સમયે લોકોના સ્વાસ્થ્યને નુકસાન પહોંચી શકે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે, કેટલાક મિનલ વોટરના પ્લાનતો આઈએસઆઈ માર્કા વગર ખુલ્લેઆમ ધમધમી રહ્યા છે ત્યારે ફૂડ વિભાગ કુંભકરણની નિંદ્રામાંથી જાગીને આવા વગર લાયન્સ માર્કા વગર ધમધમતા પ્લાન્ટો અને મીનરલ પાણીના પ્લાન્ટ માલિકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી શહેરીજનોની માગણી ઉઠવા પાવી છે.

જે લોકો મીનરલ વોટરના બાટલા ઘરે–ઘરે મંગાવી રહ્યા છે પરંતુ વિચારે કે આ મીનરલ વોટરના નામે પધરાવવામાં આવતું ખરેખર મિનરલ વોટરનો માર્કો છે જિલ્લામાં અનેક મિનરલ વોટરના આઈએસઆઈ પ્લાન્ટો બિલાડીના ટોપ માફક વધી રહ્યા છે જેમાંથી અમુક મિનરલ વોટર પ્લાન્ટ વાળા પાસે લાઈસન્સ છે, બાકી બીજા મિનરલ વોટર પ્લાન્ટ વાળા પાસે આઈએસઆઈનો માર્કો જ નથી, કાયદાના ચિથરા ઉડાડી લોકોના જન આરોગ્ય સાથે ખુલ્લેઆમ છેડા કરી રહ્યા છે તેવું શહેરીજનોમાં ચચાઈ રહ્યું છે.

જયારે ઠંડા પાણીના બાટલા ઠંડા રાખવા માટે નાઈટ્રોજન કેમિકલ કલાકો સુધી પાણીને ઠંડુ રાખે છે પણ તે નુકસાન પણ ભારે કરે છે આવા તત્વો દ્વારા ૨૦ લીટર પાણીમાં માત્ર એક ટીપા જેટલો નાઈટ્રોજન નાખવાની સાથે જ પાણી ઠંડુ કરી નાખે છે પરંતુ આ નાઈટ્રોજન કેમિકલ માનવજીવન માટે ખૂબ જ નુકસાનકારક સાબિત થાય છે.

આ પ્રકારનું પાણી દરરોજ લોકો પી રહ્યા છે નાઈટ્રોજન કેમિકલ એક પ્રકારનું એસિડ છે જે ફ્રીજ તથા એસી જેવા ઠંડા સાધનોમાં વપરાશ થાય છે નાઈટ્રોજન પ્રવાહીનો ઉપયોગ લોખંડ અથવા ધાતુમાં ઝડપથી ઘસારો ન લાગે તે માટે તેને નાઈટ્રોજન કેમિકલમાંથી પસાર કરવામાં આવે છે નાઈટ્રોજન માઈનસ ૧૯૦ ડિગ્રી તાપમાન ધરાવે છે જે શરીરમાં પ્રવેશતા જ તમામ અંગો અને ચામડીને સ્થિલ કરી નાખે છે આ સાથે નાઈટ્રોજન પ્રવાહી શરીરમાં પ્રવેશતા જ ગેસના સ્વરૂપમાં રૂપાંતર થાય છે જે જઠર માટે ખૂબ જ નુકસાનકારક સાબિત થાય છે તો આવા તત્વો સામે તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં લેવામાં આવે તેવી માગણી ઉઠવા પામી છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં શેડુભારમાં

ત્યારે સવારના આશરે સાડા પાંચથી સાંજના સાડા પાંચ વાગ્યાના અરસામાં કોઈ અજાણ્યા ચોર ઈસમે રહેણાંક મકાનમાં પ્રવેશ કરી રૂમનું તાળુ તોડી રૂમની માળીયા ઉપર રાખેલ સ્ટીલના ડબામાંથી સોનાના દાગીના કિંમત રૂા. ૨,૧૬,૦૦૦ તથા અનાજની પેટીમાં રાખેલ રોકડ રકમ રૂા. ૫૦,૦૦૦ મળી કુલ રૂા. ૨,૬૬,૦૦૦ની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

### જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાત દ્વારા

# અમરેલી જિલ્લાની સ્થાનિક ચૂંટણીઓને લઈને કોંગી આગેવાનોને પ્રચારની જવાબદારી સોંપાઈ

### કોંગી ઉમેદવારોને વિજેતા બનાવવા રણનીતિ બનાવાઈ







અમરેલી, તા. ૮

આગામી સ્થાનિક સ્વરાજની ચુંટણી સંદર્ભે જીલ્લા પ્રમુખ પ્રતાપ દુધાતે પ્રદેશ સમિતિના સૂચનથી અમરેલી જીલ્લા કોંગ્રેસ સમિતિના મુખ્ય અગ્રણી આગેવાનોને આ ચુંટણી સંદર્ભે પ્રચાર અને પ્રસાર અર્થે વિવિધ જવાબદારીઓ સોંપવાનો નિર્ણય લીધો છે. આ સંદર્ભે ચલાલા, લાઠી, રાજુલા, જાફરાબાદ નગરપાલિકાની સામાન્ય ચુંટણી તથા સાવરકુંડલા, અમરેલી, દામનગર નગરપાલિકા તથા (મીઠાપુર ધારી) તાલુકા પંચાયતની પેટા ચૂંટણી સંદર્ભે જીલ્લા અગ્રણી સર્વ પૂર્વ સાંસદ, પૂર્વ વિરોધ પક્ષના નેતા પરેશભાઈ ધાનાણી, જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ તથા જીલ્લા સમિતિના પૂર્વ પ્રમુખ ઠાકરશીભાઈ મેતલિયા, અર્જુનભાઈ સોસા, શંભુભાઈ દેસાઈ, પંકજભાઈ કાનાબાર, ડી.કે. રૈયાણી એ તમામ સ્ટાર પ્રચાર તરીકે સંભાળે છે તેમજ જીલ્લાના અગ્રણી આગેવાનો જીતુભાઈ વાળા, સુરેશભાઈ કોટડીયા, ટીકુભાઈ વરૂ, જે.ડી. કાછડ, ચંદ્રેશભાઈ રવાણી, અરવિંદભાઈ સીતાપરા, શાંતિલાલ રાણવા, મુજફર હુસૈન સૈયદ, રફીકભાઈ મોગલ, હાર્દિકભાઈ કાનાણી, હસુભાઈ સૂચક, વલ્લભભાઈ જીંજુવાડીયા, મનીષભાઈ ભંડેરી, કે.કે. ચૌહાણ, કે.કે. વાળા, અશોકભાઈ ચાવડા, પોપટલાલ કાશ્મીરા, નરેશભાઈ અધ્યારૂ, સત્યમ મકાણી, સંદીપભાઈ ધાનાણી, સંદીપભાઈ પંડયા, પ્રવીણભાઈ વસરા, બાવાલાલ હીરપરા, હસુભાઈ બગડા તથા ઈકબાલભાઈ ગોરી, હિતેશભાઈ માંજરીયા, જીલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ મીનાબેન, એનએસયુઆઈ પ્રમુખ તથા માયનોરીટી (જમાલભાઈ સરવૈયા) સહિતના આગેવાનોએ ઉપરોકત ચુંટણી પૂર્ણ થાય ત્યાં સુધી પાર્ટીની જીત સુનિશ્ચિત થાય તે અંગેની જવાબદારી ઉપરોકત આગેવાનોને સોંપાય છે. એમ જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ પ્રતાપ દુધાતે જણાવ્યું છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૦૭૮ |
| ૨ | શિંગ મોટી | ૮૯૭ | ૧૦૯૦ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૯૮૫ | ૧૨૩૧ |
| ૪ | તલ સફેદ | ૧૪૫૨ | ૨૨૫૦ |
| ૫ | તલ કાળા | ૨૫૦૦ | ૪૮૮૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૪૨૪ | ૨૬૯૫ |
| ૭ | જુવાર | ૪૭૦ | ૧૦૭૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૮૨ | ૬૮૪ |
| ૯ | ઘઉં લોકવન | ૪૯૦ | ૬૩૯ |
| ૧૦ | અડદ | ૧૨૮૫ | ૧૨૮૫ |
| ૧૧ | ચણા | ૯૧૦ | ૧૧૩૮ |
| ૧૨ | તુવેર | ૧૦૧૦ | ૧૪૭૦ |
| ૧૩ | વાલ | ૧૦૬૬ | ૧૦૯૫ |
| ૧૪ | કપાસ | ૭૮૦ | ૧૪૯૦ |
| ૧૫ | એરંડા | ૯૫૦ | ૧૨૨૨ |
| ૧૬ | જીરૂ | ૨૭૫૦ | ૩૬૩૦ |
| ૧૭ | ધાણા | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૧૮ | સોયાબીન | ૫૪૦ | ૮૦૨ |
| ૧૯ | મરચા લાંબા | ૪૩૦ | ૩૩૯૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૦૦ | ૧૧૦૦ |
| ૨ | શીંગ મોટી | ૯૯૨ | ૧૦૯૬ |
| ૩ | તલ સફેદ | ૧૮૨૫ | ૨૧૫૦ |
| ૪ | જીરૂ | ૩૬૨૫ | – |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૪૫૦ |
| ૬ | ઘઉં લોકવન | ૫૮૦ | ૬૫૭ |
| ૭ | ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૯૦ |
| ૮ | બાજરો | ૬૦૦ | – |
| ૯ | જુવાર | ૬૦૦ | ૮૭૦ |
| ૧૦ | ચણા | ૧૧૦૦ | ૧૧૮૭ |
| ૧૧ | તુવેર | ૧૨૫૦ | ૧૪૫૮ |
| ૧૨ | એરંડી | ૧૨૦૦ | ૧૨૧૪ |
| ૧૩ | ધાણા | ૧૩૨૨ | ૧૩૪૪ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૧ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૭૨૧ | ૯૨૬ |
| ૩ | મેથી | ૯૫૧ | ૯૫૧ |
| ૪ | શીંગ દાણા | ૯૨૫ | ૧૧૫૦ |
| ૫ | રાઈ | ૧૦૮૦ | ૧૦૮૦ |
| ૬ | સોયાબીન | ૭૦૦ | ૭૬૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૪૪ |
| ૨ | ઘઉં લોકવન | ૬૧૧ | ૬૧૯ |
| ૩ | ઘઉં ટુકડા | ૬૦૯ | ૬૧૧ |
| ૪ | ચણા | ૯૬૫ | ૧૦૪૦ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૭૭૭ |
| ૬ | તુવેર | ૧૩૦૫ | ૧૩૫૦ |
| ૭ | શીંગદાણા | ૧૦૨૦ | ૧૧૦૫ |
| ૮ | મગફળી | ૭૫૦ | ૭૭૨ |
| ૯ | અડદ | ૯૧૫ | ૯૧૫ |
| ૧૦ | ધાણા | ૧૩૦૦ | ૧૩૬૦ |
| ૧૧ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૨ | મેથી | ૭૮૦ | ૮૮૫ |
| ૧૩ | વાલ | ૧૨૨૦ | ૧૨૨૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૫૦ | ૧૩૮૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૪૨ | ૧૦૬૮ |
| ૪ | મગફળી બી.ટી. | ૧૦૨૨ | ૧૦૫૮ |
| ૫ | ઘઉં | ૫૨૫ | ૬૧૫ |
| ૬ | ચણા | ૧૦૨૯ | ૧૦૮૧ |
| ૭ | તુવેર | ૧૧૮૫ | ૧૩૩૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૨૫ | ૧૦૨૦ |
| ૨ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૮૦૦ |
| ૩ | તલ પીળા | ૨૫૦૦ | ૨૫૭૮ |
| ૪ | કપાસ | ૧૨૬૦ | ૧૪૬૦ |
| ૫ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૫૧ |
| ૭ | જુવાર | ૭૦૦ | ૯૬૨ |
| ૮ | અડદ | ૧૩૦૦ | ૧૩૫૦ |
| ૯ | તુવેર | ૧૨૬૨ | ૧૩૫૦ |
| ૧૦ | ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | જીરૂ | ૩૭૦૧ | ૩૭૦૧ |
| ૧૨ | સોયાબીન | ૭૪૯ | ૭૪૯ |

### શહેરી વિસ્તારમાં ગાય, શ્વાન અને આખલાની સમસ્યા

# જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારમાં આવેલ તાતણીયામાં રહેણાંક મકાનમાં સિંહણ ઘુસી જતાં દોડધામ

## વન અને પોલીસકર્મીઓ ઘટના સ્થળે દોડી ગયા



ખાંભા, તા. ૮

ખાંભાનાં તાતણીયા ગામે રહેણાંક મકાનના ડેલમાં સિંહણ ઘુસી જતાં સમસ્ત ગામજનોમાં ફફડાટ ફેલાયો હતો જો કે હોહા અને દેકારો થતાં સિંહણ ડેલામાંથી બહાર આવીને નાસી છુટતા ગામજનોમાં હાશકારાની લાગણી જોવા મળી હતી.

વિગત એવા પ્રકારની છે કે તાતણીયા ગામે અશોકભાઈ તરસરીયાનાં મકાનમાં સિંહણ ઘુસી હતી. જો કે કોઈ પશુનુ મારણ કર્યુ કે નહી તેની સતાવાર જાણકારી મળી નથી. વન અને પોલીસ કર્મીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા.

### વયોવૃધ્ધ નાગરિકોએ લીધો લાભ

# લીલીયા મોટા ખાતે આયુષ્માન કાર્ડ કેમ્પ અને બ્યુટીફિકેશનની મુલાકાત લેતા ધારાસભ્ય

## ભાજપનાં સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા



લીલીયા મોટા, તા. ૮

લીલીયા મોટા ખાતે આજરોજ તા.૮/૨/૨૫ના રોજ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા આયુષ્યમાન વય વંદના કેમ્પના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં ૭૦ વર્ષથી ઉપરની ઉંમરના લોકોએ આ કેમ્પમાં ખૂબ મોટી સંખ્યામાં ભાગ લીધો ત્યારબાદ ધારાસભ્ય દ્વારા લીલીયાના માથાના દુખાવા સમાન ગટર પ્રશ્ન હોય જેમનું રિનોવેશન કામ હાલ ચાલી રહ્યું હોય તેમની સ્થળ મુલાકાત કરી જેમાં પંપીંગ સ્ટેશન નંબર ૪ પર જઈ મુલાકાત કરી પંપીંગ સ્ટેશન પર આવેલ નવી મોટરોનું નિરીક્ષણ તેમજ મેઈન લાઈનના કામની પણ સ્થળ તપાસ ધારાસભ્ય દ્વારા કરાઈ ત્યાર બાદ લીલીયાથી પુંજાપદર જતો માર્ગ જે નાની સિંચાઈની હદમાં હોય ત્યારે જિલ્લા પંચાયત બાંધકામ કચેરીને જગ્યા સોપી આપી નવો ઓવર બ્રિજ બનાવવાના સ્થળની પણ મુલાકાત ધારાસભ્ય કસવાલા દ્વારા કરવામાં આવી સાથે સાથે શ્યામવાડીથી અમરેલી બાયપાસ રોડનું ખારીનદીના કાંઠે રિવરફ્રન્ટ કરવાના શુભ હેતુ સાથે એમની પણ સ્થળ મુલાકાત કરાઈ તેમજ લીલીયાની નાવલી નદી ગામની વચો વચ પસાર થતી હોય અને અવારનવાર લીલીયામાં તેમજ ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ થવાથી વેપારીઓને દુકાનો તેમજ આજુબાજુના વિસ્તારો જેમાં હનુમાન પરા, તળાવ પ્લોટ, મફત પ્લોટ જેવા ગીચ વસ્તી ધરાવતા વિસ્તારની અંદર પાણી ઘુસી જાય છે અને અવારનવાર નુકસાન કરતું હોય ત્યારે આ બાબતે ધારાસભ્ય કસવાલા દ્વારા ખાસ ચિંતા વ્યકત કરવામાં આવી હતી આ તકે ઈન.T.D.O માળવીયા, ડો.સિધ્ધપુરા, લીલીયા તાલુકા ભાજપ પ્રમુખ જીગ્નેશ સાવજ, ગૌતમભાઈ વિછીયા, કેતનભાઈ ઢાકેચા, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન પ્રતિનિધિ ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, લીલીયા ગ્રામ પંચાયત સરપંચ જીવનભાઈ વોરા, ભનુભાઈ ડાભી, કાંતિભાઈ શિંગાળા, હિંમતભાઈ માસ્તર, ભાસ્કરભાઈ પટેલ, કેપ્ટન ધામત, યોગેશભાઈ દવે, સહિતના લોકો ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### દિલ્હીમાં ૨૭ વર્ષ બાદ ભાજપની શાનદાર એન્ટ્રી

# દિલ્હીમાં મુખ્યમંત્રી કોણ બનશે, આ નામો પર ચર્ચા

## પ્રવેશ સાહિબ સિંહ વર્મા જેવા નેતાઓના નામો જ નહીં પરંતુ મનોજ તિવારી જેવા નામો પણ ચર્ચાઈ રહ્યા છે

નવી દિલ્હી, તા.૮

દિલ્હીમાં મત ગણતરીના પ્રારંભિક વલણોમાં ભાજપ જીત તરફ આગળ વધી રહ્યું છે. અંદાજે ૨૭ વર્ષ બાદ દિલ્હીની સત્તા પર ભાજપની શાનદાર એન્ટ્રી થઈ છે. આ દરમિયાન હવે એ સવાલ પર ચર્ચાએ જોર પકડ્યું છે કે દિલ્હીના આગામી મુખ્યમંત્રી કોણ હશે ? દિલ્હીમાં ૨૭ વર્ષનો દુષ્કાળ સમાપ્ત થયા બાદ ભાજપ રાજધાનીની કમાન કોને સોંપશે ? આ રેસમાં ઘણા દિગ્ગજોના નામ આગળ આવી રહ્યા છે. ચૂંટણી લડનારા પ્રવેશ સાહિબ સિંહ વર્મા જેવા નેતાઓના નામો જ નહીં પરંતુ દિલ્હીના પ્રાદેશિક રાજકારણમાં મોટું નામ એવા મનોજ તિવારી જેવા નામો પણ ચર્ચાઈ રહ્યા છે. જો કે, લાંબી યાદીમાં AAP (AAP) છોડીને ભાજપમાં જોડાનારા ઘણા નેતાઓના નામ પણ દેખાઈ રહ્યા છે. ભાજપની આ જીતમાં મહિલા મતદારોનો મોટો ફાળો હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. આવી સ્થિતિમાં મુખ્યમંત્રી પદ મહિલા નેતાના ખાતામાં જઈ શકે છે. પાર્ટીએ સુષ્મા સ્વરાજના રૂપમાં મહિલા મુખ્યમંત્રી આપ્યા હતા. આ વખતે તેમની દિકરી બાંસુરી સ્વરાજનું નામ સામેલ કરવામાં આવ્યું છે. સ્મૃતિ ઈરાની અને મીનાક્ષી લેખીને પણ મુખ્યમંત્રી બનાવવામાં આવી શકે છે.

જો પ્રવેશ વર્માની વાત કરીએ તો સૌથી મોટું કારણ એ છે કે બીજેપીએ તેમને નવી દિલ્હી સીટ પરથી અરવિંદ કેજરીવાલ સામે મેદાનમાં ઉતાર્યા હતા. પૂર્વ સીએમ સાહિબ સિંહ વર્માના પુત્ર મહેરૌલીથી બે વખત સાંસદ અને ધારાસભ્ય રહી ચૂક્યા છે. કાલકાજીમાંથી દિલ્હીના મુખ્યમંત્રી આતિષીને પડકારનાર ભાજપના પૂર્વ સાંસદ રમેશ બિધુડીનું નામ પણ ચર્ચામાં છે. દિલ્હી ભાજપના પૂર્વ અધ્યક્ષ મનોજ તિવારી સતત ત્રીજી વખત ઉત્તર-પૂર્વ દિલ્હીથી સાંસદ તરીકે ચૂંટાયા છે. આ વખતે ભાજપે દિલ્હીની સાતમાંથી છ લોકસભા બેઠકો પર તેના ઉમેદવારો બદલ્યા હતા, પરંતુ મનોજ તિવારીની ટિકિટ રદ કરવામાં આવી ન હતી.

પાર્ટીના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ, સતીશ ઉપાધ્યાય પણ દિલ્હી ભાજપમાં એક મોટું નામ છે અને પાર્ટીએ તેમને માલવિયા નગર સીટ પર વરિષ્ઠ AAP નેતા સોમનાથ ભારતી સામે મેદાનમાં ઉતાર્યા હતા. ૨૦૧૩માં કોંગ્રેસના ગઢ રાજૌરી ગાર્ડનને તોડી પાડનાર ભાજપના રાષ્ટ્રીય સચિવ અને પૂર્વ ધારાસભ્ય મનજિંદર સિંહ સિરસાનું નામ પણ સામેલ છે. હાલમાં જ ભાજપમાં જોડાયેલા પૂર્વ AAP મંત્રી કૈલાશ ગેહલોત અને ભાજપના રોહિણીના ધારાસભ્ય વિજેન્દ્ર ગુપ્તાને લઈને પણ ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે.

જો કે આ તમામ નામો વચ્ચે તમામની નજર કેન્દ્રીય નેતૃત્વ પર છે. કારણ કે યુપી હોય, એમપી હોય, રાજસ્થાન હોય કે છત્તીસગઢ, દરેક જગ્યાએ ભાજપે સીએમ પદ માટેના નિર્ણયથી આશ્ચર્યચકિત કરે છે. યુપીમાં યોગી આદિત્યનાથને અચાનક એમપીમાંથી મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા. એ જ રીતે મધ્યપ્રદેશના લોકપ્રિય નેતા શિવરાજ સિંહ ચૌહાણને હટાવીને તેમની જગ્યાએ મોહન યાદવને રાજયની કમાન સોંપવામાં આવી હતી. જયારે રાજસ્થાનમાં વસુંધરા રાજે જેવા દિગ્ગજ ચહેરાને બદલે પ્રથમ વખત ધારાસભ્ય ભજનલાલ શર્માને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા.

# અમરેલી મેમન સમાજનું ગૌરવ



અમરેલી, તા. ૮

અમરેલી શહેરના રહેવાસી મેમન મોઈન મુસ્તાકભાઈ તેલીએ GPSC બોર્ડમાં ૨૩માં રૈન્ક ઉપર પાસ થઈ કલાસ ટુ ઓફિસરની પરીક્ષા પાસ કરેલ છે. તે બદલ સમગ્ર તેલી પરીવાર તેમજ મેમન સમાજ અમરેલી અને મુસ્લીમ સમાજનું ગૌરવ વધારેલ છે.

### ૧૦ ફેબ્રુઆરી, ''વિશ્વ કઠોળ દિવસ''

# સોયાબીનમાં નોનવેજ કરતા પણ વધારે પ્રોટીન હોય છે



અમરેલી, તા. ૮

વિશ્વ કઠોળ દિવસ શરૂ કરવા પાછળનો હેતુ સંયુકત રાષ્ટ્રનાં 'ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન'નાં નેતૃત્વ હેઠળ કઠોળનાં પોષણ અને પર્યાવરણીય ફાયદાઓ વિશે જાગૃતિ લાવવાનો હતો. પ્રથમ વખત આ દિવસ ૨૦૧૬માં ઉજવવામાં આવ્યો હતો ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં ૧૦ ફેબ્રુઆરીને 'આંતરરાષ્ટ્રીય કઠોળ દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. 'વિશ્વ કઠોળ દિવસની ઉજવણી પાછળનો હેતુ જમીનની ઉત્પાદકતા અને કઠોળની ઉત્પાદકતા, ખેતી પ્રણાલીમાં સ્થિતિસ્થાપકતા, ખેડૂતો માટે સારૂ જીવન અને યોગ્ય ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવાનો છે.

આજકાલ આપણા બધાની જીવનશૈલીમાં ફાસ્ટ ફૂડનું પ્રમાણ ઘણું વધી ગયું છે, જેના કારણે આપણા આહારમાં કઠોળનો ઉપયોગ ઓછો થઈ રહ્યો છે. જેના કારણે શરીરને સંપૂર્ણ પોષણ મળતું નથી અને બાળકો અને યુવાનો સહિત દરેકનાં સ્વાસ્થ્યને અસર થાય છે. કઠોળના સેવનથી લોહી શુદ્ધ થાય છે, પાચન તંત્ર મજબૂત થાય છે, હાડકા મજબુત બને, વજન કંટ્રોલમાં રહે વગેરે જેવા મહત્વના ફાયદાઓ થાય છે.

આજકાલ કસરતી શરીર બનાવવા માટે યુવાનો નોનવેજ ખાતા થઈ ગયા છે, પરંતુ નોનવેજમાં સૌથી વધુ પ્રોટીન ૧૦૦ ગ્રામ ચિકનમાં ૩૨.૮ ગ્રામ ઉપલબ્ધ છે જયારે કઠોળ માં આવતા સોયાબીનમાં ૩૬ ગ્રામ પ્રોટીન હોય છે. આથી શાકાહાર સંપૂર્ણ આહાર છે એ સાબિત થાય છે.

કઠોળનો ઉપયોગ ઓછામાં ઓછા ૧૦ હજાર વર્ષોથી કરવામાં આવે છે અને તે વિમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા ખોરાકમાંનો એક છે. કઠોળ પ્રોટીન અને ફાઈબર તેમજ આયર્ન, ઝિંક, ફોલેટ અને મેગ્નેશિયમ જેવા વિટામિન્સ અને ખનિજોનો નોંધપાત્ર સ્ત્રોત પૂરો પાડે છે અને દરરોજ અડધો કપ કઠોળ અથવા વટાણાનું સેવન કરવાથી આ પોષકતત્વોનાં સેવનમાં વધારો કરીને આહારની ગુણવત્તામાં વધારો થઈ શકે છે.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### વડાપ્રધાને કહ્યું સુશાસનની જીત

# દિલ્હીમાં ભાજપની જીત બાદ મોદીએ આપી ગેરંટી

## અમે દિલ્હીની ચારેબાજુ વિકાસ અને અહીંના લોકોનું જીવન ઉત્તમ બનાવવા માટે કોઈ કસર બાકી રાખીશું નહીં : મોદી

નવી દિલ્હી, તા.૮

દિલ્હીમાં ભાજપની જીત પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુભેચ્છા પાઠવતાં સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે કે, જનશક્તિ સર્વોપરી! વિકાસ જીત્યો, સુશાસનની જીત થઈ. દિલ્હીમાં ભાજપને ઐતિહાસિક જીત અપાવવા બદલ તમામ દિલ્હીવાસીઓને મારા વંદન અને અભિનંદન. તમે જે અતૂટ વિશ્વાસ અને સ્નેહ વરસાવ્યો છે. તેના બદલ આભાર. અમે દિલ્હીની ચારેબાજુ વિકાસ અને અહીંના લોકોનું જીવન ઉત્તમ બનાવવા માટે કોઈ કસર બાકી રાખીશું નહીં. આ અમારી ગેરેંટી છે. અમે સુનિશ્ચિત કરીશું કે, વિકસિત ભારતના નિર્માણમાં દિલ્હીની ભૂમિકા મહત્ત્વની બને. મને ભાજપના બધા કાર્યકર્તાઓ પર ગર્વ છે. જેમણે આ પ્રચંડ જનાદેશ માટે દિવસ-રાત એક કરી દીધા હતા. અમે હવે વધુ મજબૂતી સાથે દિલ્હીવાસીઓની સેવામાં સમર્પિત રહીશું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરીને કહ્યું કે દિલ્હીના દિલમાં મોદી છે, 'દિલ્હીમાં જુઠ્ઠાણાના શાસનનો અંત આવ્યો છે.' આ અહંકાર અને અરાજકતાનો પરાજય છે. આ પ્રચંડ જનાદેશ માટે દિલ્હીના લોકોનો હૃદયપૂર્વક આભાર.

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન અને ભાજપ પ્રમુખ જેપી નડ્ડાએ લખ્યું, ''આપ-દા દિલ્હી મુક્ત! આજે, દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીનો પ્રચંડ વિજય એ પીએમ મોદીના સક્ષમ નેતૃત્વ હેઠળ સેવા, સુશાસન, ગરીબોના કલ્યાણ, અંત્યોદય અને વિકાસલક્ષી નીતિઓ માટે લોકોના અતૂટ સમર્થનનો વિજય છે. દિલ્હી વિધાનસભા ચૂંટણી પરિણામોમાં ભાજપને ૪૮ બેઠકો મળી છે. બહુમતીનો આંકડો ૩૬ છે. ભાજપ હવે પોતાના દમ પર સરકાર રચશે.

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના વિજય બાદ AAP સુપ્રીમો કેજરીવાલે શુભકામના પાઠવી છે. તેમણે કહ્યું છે, કે હું જનાદેશ વિનમ્રતાથી સ્વીકારું છું, ભાજપને જીતની શુભકામના. આશા છે કે ભાજપ જનતાની આશા અપેક્ષા પૂર્ણ કરશે.

જો દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોની વાત કરીએ તો, હાલ સુધીમાં ભાજપે ૩૬ બેઠકો જીતી લીધી છે અને ૧૧ બેઠક પર લીડ સાથે ભાજપે બહુમતી મેળવી લીધી છે. જયારે આમ આદમી પાર્ટીએ ૧૯ બેઠક જીતી લીધી છે અને ૪ બેઠક પર લીડમાં છે. તો બીજી તરફ કોંગ્રેસ પોતાનું ખાતું પણ ખોલાવી શકી નથી. સતત ત્રીજી દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ એકપણ બેઠક મેળવી શકી નથી.

### લેઉવા પટેલ સમાજની વાડીનાં માનદ મંત્રી અને

# લીલીયા મોટાનાં નિવૃત ખેતીવાડી અધિકારી માવજીભાઈ લહેરીનાં ધર્મ પત્નીનું નિધન થયું

## આવતીકાલે સવારે ૮ થી ૧૨ સુધી બેસણું યોજાશે



લીલીયા મોટા, તા. ૮

જુના સાવર ગામના વતની અને છેલ્લા ૪૦ વર્ષથી લીલીયા મોટા ગામમાં રહેતા ખેતીવાડી નિવૃત અધિકારી અને લીલીયા લેઉવા પટેલ સમાજની વાડીમાં માનદમંત્રી તરીકે સેવા આપતા તેમજ લીલીયા મોટા ક્રેડિટ કો.ઓ.સો.લી.ના સ્થાપક ટ્રસ્ટી તથા પૂર્વ મેનેજીંગ ડિરેકટર માવજીભાઈ રવજીભાઈ લહેરીના ધર્મ પત્ની સ્વ. નર્મદાબેનનું તા. ૦૪/૦૨/૨૦૨૫ મંગળવારના રોજ સુરત મુકામે અવસાન થતા લીલીયા ગામના અને જુના સાવર ગામના લોકોમાં ઘેરો શોક વાપી ગયો છે.


સ્વ. નર્મદાબેન માવજીભાઈ લહેરીનું લીલીયામોટા મુકામે પટેલવાડી ખાતે તા. ૧૦/૦૨/૨૦૨૫ સોમવારે સવારે ૮:૦૦ થી ૧૨:૦૦ બેસણું રાખેલ છે.

# દિલ્હીમાં કોંગ્રેસની હાલત પર હસી રહ્યા છે INDIA ગઠબંધનના નેતા

નવી દિલ્હી, તા. ૮

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી અને ભારતીય જનતા પાર્ટીમાં સત્તા સંગ્રામ ચાલી રહ્યો છે. તો વળી કોંગ્રેસ ખાતું ખોલવા માટે પણ સંઘર્ષ કરી રહી છે. આ બાજુ વિપક્ષી ઈંડિયા ગઠબંધનના નેતાઓ કોંગ્રેસની મજાક ઉડાવી રહ્યા છે. સાથે જ ખરાબ પ્રદર્શનનું કારણ કોંગ્રેસ અને આપનું અલગ લડવાનું કારણ બતાવી રહ્યા છે. ભારતીય ચૂંટણી પંચના તાજા આંકડા અનુસાર, ભાજપ વલણોમાં બહુમતના આંકડાને પાર કરી ચુકી છે. શિવસેના યૂબીટીના રાજયસભાના સાંસદ સંજય રાઉતે કહ્યું કે, ભાજપને હરાવવા માટે આપ પણ લડે છે, કોંગ્રેસ પણ લડે છે. પણ અલગ અલગ લડે છે. જો એક સાથે હોત તો દિલ્હીના પરિણામ પહેલા એક કલાકમાં જ ભાજપ હારી જાત. તેમણે કહ્યું કે, કોંગ્રેસે ખાતું ખોલાવ્યું બસ પછી શું જોઈએ. ખાતું ખોલવા માટે જ બધા મેદાનમાં ઉતરે છે.

જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઉમર અબ્દુલાએ પણ દિલ્હી ચૂંટણીના પરિણામોને લઈને કોંગ્રેસ અને આપ પર કટાક્ષ કર્યો છે. તેમણે કહ્યું કે, હજુ લડો અંદરોઅંદર. સાથે તેમણે એક જીઆઈએફ પણ શેર કર્યું છે. ખાસ વાત એ છે કે, લોકસભા ચૂંટણી સાથે લડનારી આપ અને કોંગ્રેસે હરિયાણા બાદ દિલ્હી વિધાનસભા ચૂંટણી પણ અલગ લડવાનો નિર્ણય કર્યો હતો.ચૂંટણી પંચના તાજા આંકડા અનુસાર, ભાજપ ૪૨ સીટ પર આગળ ચાલી રહી છે, જે બહુમતની સંખ્યા કરતા પણ ૬ સીટો વધારે છે, જ્યારે સત્તાધારી આપ ૨૮ સીટો પર આગળ ચાલી રહી છે. મુખ્યમંત્રી આતિશી સહિત આપના કેટલાય મોટા નેતા પાછળ છે.




શ્રદ્ધાંજલિ



સ્વ. નર્મદાબેન માવજીભાઈ લહેરી
(લીલીયા ક્રેડીટ કો.ઓ.સો.નાં પૂર્વ એમ.ડી.
શ્રી માવજીભાઈ લહેરીના ધર્મપત્નિ)

આપનો સદા હસતો ચહેરો, આનંદી, પ્રેમાળ સ્વભાવ, ધાર્મિક જીવન
કુંટુંબના દરેક પ્રત્યે આપનો પ્રેમભાવ, લાગણી હંમેશા યાદ રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ
આપે એજ અમ સર્વની પ્રાર્થના...

લી.

બોર્ડ ઓફ ડીરેક્ટર્સ

શ્રી અરૂણભાઈ મનસુખભાઈ પટેલ (ચેરમેન)
શ્રી બાબુભાઈ છગનભાઈ ધામત (વા.ચેરમેન)
શ્રી મગનભાઈ હરિભાઈ વિરાણી - (મેનેજીંગ ડીરેકટર)
શ્રી માવજીભાઈ રવજીભાઈ લહેરી (ડીરેકટર)
શ્રી ધીરૂભાઈ હરિભાઈ ઉમરેઠીયા (ડીરેકટર)
શ્રી મગનભાઈ છગનાભાઈ દુધાત (ડીરેકટર)
શ્રી નાથાભાઈ કરશનભાઈ ઉકાણી (ડીરેકટર)
શ્રી વિવેકકુમાર ગોરધનદાસ અગ્રાવત - ડીરેકટર
શ્રી દકુભાઈ ધીરૂભાઈ બુટાણી - ડીરેકટર
શ્રીમતિ કાન્તાબેન મગનભાઈ વિરાણી - ડીરેકટર
શ્રીમતિ હિનાબેન કિશોરભાઈ પાઠક - ડીરેકટર

લીગલ એડવાઈઝર

વિ. વકિલશ્રી કિશોરભાઈ પાઠક | વિ. વકીલશ્રી અશોકભાઈ વરીયા

સોસાયટીનાં નિષ્ઠા પુર્વક કામ કરતા કર્મચારીગણ

દવે રાજેશભાઈ રમણીકભાઈ - કેશિયર - જોષી કલ્પેશભાઈ રમેશભાઈ-કલાર્ક

## ૫૦ જેટલા ડ્રાઈવરને અચાનક છુટા કરી દેવાતા અનેક રૂટ બંધ

# આધુનિક બસપોર્ટમાં બસની સુવિધામાં તો વધારો કરો

**ગરીબ અને મધ્યમવર્ગીય મુસાફરોને ઝડપથી પરિવહનની સુવિધા મળતી નથી**

**વ્હેલી સવારે અમરેલી-જુનાગઢ સહિતનાં અનેક રૂટ બંધ કરી દેવાયા**

**બસપોર્ટ તો આધુનિક બન્યુ પણ તેમાં નવા રૂટ પણ વધારવા જરૂરી**

**ધારાસભ્ય અને સાંસદે એસ.ટી. વિભાગનો લોક દરબાર ભરીને મુસાફરોની વેદના સાંભળવી જોઈએ**







અમરેલી, તા. ૮

અમરેલી ખાતે જનતા જનાર્દનનાં પરસેવાનાં કરોડો રૂપિયાનાં ખર્ચે આધુનિક બસપોર્ટ શરૂ થતાં મુસાફરવર્ગમાં એસ.ટી.ની સુવિધામાં વધારો થશે તેવી ઉભી થયેલ આશા ઠગારી નિવડી છે. કારણ કે નવા બસપોર્ટમાં નવા રૂટ શરૂ તો થતાં નથી પરંતુ વર્ષોથી ચાલતા જુના રૂટને પણ બંધ કરી દેવાતા ગરીબ અને મધ્યમવર્ગીય મુસાફરોની પરેશાની વધી છે.

તાજેતરમાં એસ.ટી. વિભાગે નિવૃત્ત થયેલ ૫૦ જેટલા ડ્રાઈવરને નિમણૂંક આપેલ અને અચાનક ઉચ્ચકક્ષાએથી તમામને છુટા કરી દેવાતાં અનેક રૂટ બંધ થયા છે. અમરેલીથી વ્હેલી સવારે ઉપડતી અમરેલી-જુનાગઢ રૂટની બસ બંધ કરી દેવામાં આવી તો રાત્રિનાં ૧૦:૧૫ કલાકે ઉપડતી અમરેલી-ભુજની બસ પણ બંધ કરી દેવામાં આવી તેમજ અમરેલીથી ખાંભા, કેરિયાચાડ, દેરડી, બોરડીનાં રાત્રિ રોકાણ માટે જતી બસ પણ બંધ કરી દેવામાં આવી છે.

અનુસંધાન પાના ૬ ઉપર

### પ્રકાશ ટ્રેડીંગના નામે કોલ કરીને

## અમરેલીનાં જેશીંગપરામાં રહેતા યુવક સાથે દોઢ લાખની છેતરપીંડી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૮

અમરેલીના જેસીંગપરા શેરી નં.૨, જુના ચોરા પાસે રહેતા ભાવેશભાઈ ધીરૂભાઈ રાઠોડ, નામના ૩૯ વર્ષિય યુવકને ગત તા. ૨૬/૧૧/૨૪ થી તા.૩૧/૧૨/૨૪ દરમ્યાન તેના વોટ્સએપમાં શેરબજારમાં સારૂ વળતર આપવાની લાલચ આપી આરોપી પ્રકાશ ટ્રેડીંગ નામ વાળા અજાણ્યા માણસ મો.નં. ૮૨૩૩૪૯૯૩૮૯વાળાએ યુવક પાસે ઈન્વેસ્ટની રકમ તથા ટેક્સ અને ચાર્જના નામે જુદા-જુદા કુલ પાંચ પેમેન્ટ આરોપીના યુપી.આઈ. આઈ.ડી. ઉપર કરાવી યુવકના કુલ રૂપિયા૧,૪૮,૯૨૫ ઓનલાઈન ફ્રોડ કરી વિશ્વાસઘાત તથા છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

### શેર બજારમાં રોકાણ કરી નફો આપવાની લાલચ આપી

## ધારીમાં રહેતા પીજીવીસીએલનાં કર્મચારી સાથે ૧ લાખની છેતરપીંડી

**દિયા શાહ નામની મહિલા વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૮

ધારી ગામે આવેલ શિવનગર સોસાયટીમાં રહેતા અને પી.જી.વી.સી.એલ.માં જુનીયર આસીસટન્ટ તરીકે ફરજ બજાવતા પાર્થકુમાર વિષ્ણુભાઈ સોલંકી નામના ૨૮ વર્ષિય યુવકના ઈન્સ્ટગ્રામ તથા વ્હોટસપ ગૃપમાં ગત ૮/૨૪ તેમજ ૯/૨૪ ના માસમાં એક અજાણ્યા મોબાઈલ નંબર ૯૯૬૭૨ ૫૨૬૮૯ દિયા શાહ નામની વ્યકિતએ શેર બજારમાં રોકાણ કરવા વિશ્વાસમાં લઈ શેર બજારમા રોકાણ કરવા ઉપયોગમાં ન હોય તેવી એપ્લીકેશનમાં આઈ.પી.ઓ. ખરીદવા વિશ્વાસમાં લઈ રોકાણ કરાવી સારો નફો કમાવવાની લોભામણી લાલચ આપી જુદા જુદા બેન્ક એકાઉન્ટો મોકલી તેમાં યુવક પાસેથી અલગ અલગ તારીખે કુલ રૂપિયા ૧,૦૫,૦૦૦ મેળવી લઈ યુવક સાથે ઓનલાઈન છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

### શહેરમાં યુવાનો દારૂનાં ધંધે ચડયા લાગે છે

## અમરેલીનાં ઉત્સવ એપાર્ટમેન્ટમાં રહેતા યુવકનાં કબ્જામાંથી દારૂની ૩૦ બોટલ ઝડપાઈ

**પોલીસે અન્ય એક આરોપીની શોધખોળ આદરી**

અમરેલી, તા. ૮

અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલ ઉત્સવ એપાર્ટમેન્ટના બ્લોક નં.૩૦૫, માં રહેતા પ્રિન્સ શૈલેષભાઈ ટાંક, નામના ૧૯ વર્ષિય આરોપીએ પોતાના કબ્જામાં વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂની રીંગપેક પ્લાસ્ટીકની ૧૮૦ મીલી એક સરખી બોટલ નંગ-૩૦ કુલ કીમત રૂા.૫૬૧૦ તથા એક એન્ડ્રોઈડ મોબાઈલ કિમત રૂપિયા ૧૦,૦૦૦ તથા મોટર સાયકલ નં.જીજે-૧૪-એએફ ૮૭૯ કિમત રૂ.૨૦,૦૦૦ મળીકુલ રૂ.૩૫,૬૧૦ના પ્રોહીમુદ્દામાલ સાથે પકડાઈ જઈ તથા આરોપી મિહીરભાઈ જયંતીભાઈ ગેસ્વામી, રહે.રોકડીયાપરા, પ્રા.શાળા પાછળ હાજર ન હોય પાસે શોધખોળ આદરી છે.
















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)